Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૨૮ • તા. ૦૯ જુલાઈ ૨૦૧૮ થી ૧૫ જુલાઈ ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCS/217/2018-20

## શ્રી વીરજી લધાભાઇ કેડીઓ જૈન વિદ્યાર્થીગૃહ
## શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ

ઘાટકોપર (મુંબઇ)

INTERNATIONAL DAY OF yoga

## ૪થા આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણીની ઝલકો...

દિન : ગુરૂવાર, ૨૧ જુન ૨૦૧૮

સ્થળ : વી.એલ.વી.જી - બી.એ.કે., ઘાટકોપર, મુંબઇ - ૪૦૦૦૮૬























સર્વે ટ્રસ્ટીગણ અને વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યો


Follow us on : : vlvg-bak

# પિતાશ્રી સ્વ. ભાણજી દેવજી ખીમજી ની પુણ્ય સ્મૃતિમાં
# શ્રી ભરતભાઈ બી. ખીમજી તરફથી હુબલીની હૉસ્પિટલને માતબર દાન

**ಶ್ರೀ ಭಾಂಜಿ ಡಿ. ಕಿಮಜಿ ಲೈಫ್‌ಲೈನ್ ಆಸ್ಪತ್ರೆ**
**SHRI BHANJI D. KHIMJI LIFELINE HOSPITAL**



કચ્છી દશા ઓશવાલ શ્રેષ્ઠી
**શ્રી ભરતભાઈ બી. ખીમજી,** તેરા - હુબલી
તરફથી હુબલીની ૨૪×૭ લાઈફ લાઈન હૉસ્પિટલને
રૂપિયા એક કરોડનું માતબર દાન આપ્યું છે તથા હૉસ્પિટલના
આધુનિકરણ માટે વધુ યોગદાનની ખાતરી આપી છે.
**પિતાશ્રી સ્વ. ભાણજી દેવજી ખીમજી**
નું નામાભિધાન કરાવી પિતાશ્રીની સ્મૃતિને ચિરંજીવ બનાવી છે.
આવા માનવતાલક્ષી સેવા કાર્યો કરતા રહી પરિવારની
સેવાની ઉજ્જવળ પરંપરાને દિપાવતા રહો એવી અભિલાષા...



**શુભેચ્છક : શ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી**

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ઉદયન લાલજી લોડાયા

**અંક નં. 28/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સમીપે**

## અનંતનાથજી ટ્રસ્ટ : ટ્રસ્ટીઓએ વાસ્તવિકતા સ્વીકારવી પડશે.

મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિની ગત ૨૬ મેની સભાએ, અનંતનાથજી ટ્રસ્ટની 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસ માટે રૂ. ૧૫ કરોડ અને જ્ઞાતિજનોના લાભાર્થે આવાસ યોજના માટે રૂ. ૨૦ કરોડનો ખર્ચ કરવા બાબતે 'અનંતછાયા'ની વેચાણ કિંમતનોઉપયોગ કરવા અર્થે મંજુરી આપવા કરેલ ૨૮ એપ્રિલ ૨૦૧૮ની વિનંતિ અરજીનો અસ્વીકાર કર્યો હતો અને સભામાં ઉપસ્થિત કેટલાક ટ્રસ્ટીઓએ એકાદ મહીનાના સમયમાં ઉક્ત બંને ઉદ્દેશોની વિગતવાર યોજનાઓની રૂપરેખા મહાજનશ્રીને આપી શકાશે તેવી રજુઆત કરી હતી, તે પછી ટ્રસ્ટીઓએ મહાજનશ્રીને ઉપરોક્ત બંને વિષયે કે કોઈ પણ એક વિષયે પણ હજી સુધી કોઈ માહિતી મોકલી નથી તેવા મળતા અહેવાલોને આધારભૂત ગણીએ તો અથવા તો ટ્રસ્ટીઓ આ બાબતે અકળ મૌન સેવી રહ્યા છે તેને કારણે કમસે કમ 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસ અંગે તેઓ ક્યા પ્રસ્તાવ પર વિચારણા કરી રહ્યા છે કે તેમણે તે આખી યોજના હવે પડતી મૂકી છે તે વિષે જ્ઞાતિજનોમાં વિવિધ તર્કવિતર્કો થઈ રહ્યા છે તે સ્વાભાવિક છે.

ટ્રસ્ટીઓએ મહાજનશ્રીની મંજુરી મેળવવા સંદર્ભે ઉપરોક્ત ૨૮ એપ્રિલના કરેલ અરજીમાં મુખ્ય વિષય અને સંબંધિત રકમો સિવાય કોઈ પણ વિગતો દર્શાવી ન હતી પરંતુ તે પત્રમાં તેઓ ઉક્ત બંને યોજનાઓ માટે 'અનંતછાયા'ની વેચાણ કિંમતની રકમનો ઉપયોગ કરશે તેવો નિર્દેશ આપેલો, તે પરથી ટ્રસ્ટીઓએ 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસનું કાર્ય ટ્રસ્ટના ખર્ચે કરવાનો નિર્ણય લીધો હોય અને 'હોપ-૧૦૦૦'ની ડોંબિવલીની જમીન બાબતે પણ તેમણે તે અરસામાં આપેલ જાહેરાત પરથી ત્યાં આવાસ યોજના અમલમાં મૂકવાનો તેમણે નિર્ણય લીધો હોય અને તે માટે ઉક્ત વેચાણ કિંમતની મૂળ રકમ ઉપલબ્ધ કરી શકાય તેવી તેમની યોજના હતી, તેટલું જ અનુમાન તે વખતે કરી શકાતું હતું.

તે પછી, ટ્રસ્ટીઓ, પોતે પારદર્શક રીતે અને સર્વ સંમતિથી 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની યોજના અમલમાં મૂકશે તેવા તેમણે ચારેક મહીના પહેલાં જ્ઞાતિજનોને આપેલ જાહેર આશ્વાસનને તેઓ હકીકતમાં રૂપાંતરિત કરી શક્યા નથી તે જોતાં જ્ઞાતિજનો માટે, ખાસ કરીને 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસ બાબતે હવે મોટો પ્રશ્નાર્થ ખડો થયો છે તે પણ સ્વાભાવિક છે.

અલબત્ત, મુંબઈમાં બીલ્ડર-ડેવલપરના વ્યવસાયમાં હાલ પ્રવર્તીત વિકટ પરિસ્થિતિ અને તાજેતરમાં થયેલ અધિકૃત સરવે અનુસાર મુખ્યત્વે મુંબઈમાં જ સાડા ત્રણ લાખ ફ્લેટો સંપૂર્ણ બાંધકામ અને ઓક્યુપેશન સર્ટિફિકેટ સાથે તૈયાર હોવા છતાં તેમના વેચાણ થતા નથી તે જોતાં, ટ્રસ્ટના ખર્ચે 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની યોજના અમલમાં મૂકાય તો ટ્રસ્ટને મોટું નૂકસાન થાય અને તે યોજના અધવચ્ચે જ અટકી જાય તેમજ આ પુનર્વિકાસ માટે બહારના કોઈ ડેવલપર પણ, ટ્રસ્ટને મોટી રકમ ચૂકવીને બધી જવાબદારીઓ લેવા તૈયાર થાય તેવી કોઈ શક્યતા નથી તેવા નિષ્કર્ષ પર ટ્રસ્ટીઓ આવ્યા હોય તે પણ શક્ય છે.


આ શક્યતા કે મુદ્દો તો સિક્કાની એક બાજુ છે, પરંતુ તેની જે બીજી બાજુ છે તે તો હજી વધારે ગંભીર છે જેનો અત્રે ઉલ્લેખ થવો જરૂરી છે.

'અનંતછાયા'ના વેચાણની મંજુરી આપતી વખતે, ચેરીટી કમીશનરે જે શરતો અને સૂચનાઓ તેમના ૩૧ જાન્યુઆરી ૨૦૧૩ના હુકમમાં સંલગ્ન કરી હતી તે અનુસાર ટ્રસ્ટીઓએ 'અનંતછાયા'ના વેચાણ કિંમતની રકમને કોર્પસ તરિકે અનામત રાખવાની છે અને ફક્ત તેના પરનું વ્યાજ જ ટ્રસ્ટના ઉદ્દેશો માટે તેઓ વાપરી શકે છે. નામદાર

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સકલુઝીવ ડ્રેસ માટે

Since 1982...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

*હાઈકોર્ટે પણ તેના ૪ જુલાઈ ૨૦૧૩ના ચૂકાદામાં ચેરીટી કમિશનરના ઉપરોક્ત આદેશને સંપુર્ણતઃ માન્ય રાખ્યો છે એટલે ટ્રસ્ટીઓએ તેનું પાલન કર્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી.*

*મહાજનશ્રીને એપ્રિલ ૨૦૧૮માં અરજી કરતી વખતે ટ્રસ્ટીઓએ ચેરીટી કમીશરના અને હાઈકોર્ટના ઉક્ત હુક્મોનો અભ્યાસ કર્યો ન હતો તે તો દેખીતું જ છે પરંતુ તે પછી પણ ટ્રસ્ટીઓ ઉક્ત આદેશના સૂચિતાર્થોથી માહિતગાર થયા છે કે કેમ તે તો આવનારા દિવસોમાં જ જાણી શકાશે.*

*એ જે હોય તે, ટ્રસ્ટીઓ હવે વાસ્તવિકતા સ્વીકારશે અને 'અનંતછાયા'ના વેચાણ કિંમતની મૂળ રકમને કોર્પસ તરિકે અનામત રાખીને, ફક્ત તેના પરનું એકત્રિત થયેલું વ્યાજ અને જો ટ્રસ્ટ પાસે અન્ય પ્રવાહિત ફંડો હોય તો તેનું આયોજન કરવા સંદર્ભે જ્ઞાતિ સમક્ષ વાસ્તવિક વસ્તુસ્થિતિ રજુ કરતો પારદર્શક અભિગમ અપનાવશે તેવી આશા રાખીએ.* *– રા.*

**કલર પેજ જાહેરાતો માટે સૂચના**

'પ્રકાશ-સમીક્ષા'ના રંગીન પાનાં ચાર (૪)ના ગુણાંકમાં છપાતા હોવાથી પુણ્યતિથિ કે જન્મ-લગ્ન-જયંતિને લગતી જાહેરાતો અઠવાડીયા પહેલાં મોકલાશે તો તે બધી જાહેરાતોનો સમયસર સમાવેશ કરવામાં અમને આર્થિક કારણોસર મુશ્કેલ બને છે. આ પ્રકારની જાહેરાતો માટે ત્રણેક અઠવાડીયા પહેલાં અમને જાણ કરાશે તો જ સુગમતા રહેશે. તેવી જ રીતે શ્રદ્ધાંજલિ અને અભિનંદનની બધી જાહેરાતોને પણ તે જ અઠવાડીયાના આગામી અંકમાં પ્રગટ કરવાનું હંમેશા શક્ય બનતું નથી. તેમજ કલર કે અન્ય જાહેરાતો માટે કોઈ ચોક્કસ પાનાનો કે સેન્ટર પેજનો અથવા અગાઉથી બુકીંગ કરવા માટે આગ્રહ રાખવો નહીં. જે સપ્તાહે ચાર (૪)ના ગુણાંકની સંખ્યાના પાનાની કલર જાહેરાતો મળશે તેટલી સંખ્યાની જાહેરાતો જ પ્રગટ કરવાનું શક્ય બનશે, તેની નોંધ લેવા અને સહકાર આપવા વિનંતિ.

**– વ્યવસ્થાપક**

**અંતરના હાર્દિક અભિનંદન - લોડાયા પરિવારનું ગૌરવ**



**ધનશ્રી દિનેશ હેમરાજ લોડાયા** - (સુથરી-મલકાપૂર - MS)
B.S.C. કોમ્પ્યુટર 76.8% • CGPA - 4.51/6.00 Grade A
અમારી લાડલી ચિ. ધનશ્રીએ શૈક્ષણિક ક્ષેત્રે ઝળહળતી સફળતા મેળવી તે બદલ ખૂબ ખૂબ અભિનંદન

**શુભેચ્છક :**
દાદા-દાદી : શ્રીમતી દેવકાબેન હેમરાજ લોડાયા પરિવાર, મલકાપૂર
નાના-નાની : શ્રીમતી બંસતીબેન ભૈયાલાલજી જૈન
મમ્મી-પાપા : સૌ જ્યોતિ દિનેશ હેમરાજ લોડાયા (મલકાપૂર)
ભાઈ : કેવલ દિનેશ લોડાયા

# Transparency & Accountablity

**પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ** – **CA ચંદ્રેશ પદમશી છેડા**, વડોદરા

પ્રકાશ સમીક્ષા અંક ૨૪નો તંત્રી લેખ જે મુખ્યત્વે મુંબઇ મહાજનની કાર્યપ્રણાલીને લગતો છે. પરંતુ આ લેખ નો મુખ્ય મુદો વહીવટી પારદર્શીતા તથા ટ્રસ્ટીઓની જવાબદેહીને લગતો છે, જે આપણા સમાજની ઘણી બધી સંસ્થાઓને લાગુ પડે એમ છે, પછી ભલે ને તે કચ્છના આપણા મહાજનો કેમ ન હોય કે જ્યાં આપણી જ્ઞાતિની વસ્તી જૂજ છે પણ ટ્રસ્ટીઓ પાસે વહીવટ કરવા ઘણું બધું છે.

આ વિષય ઉપર હમણા જ અમદાવાદ ચેરીટી કમિશનરનો એક ચુકાદો વાંચવામાં આવ્યો. જે ટ્રસ્ટમાં તા. વડોદરાના જ જૈન અગ્રણી ટ્રસ્ટીઓ છે/હતા, આ કેસની વિગતો બાજુ પર મુકીએ તો પણ, ચેરીટી કમિશનર વાય. એમ. શુક્લએ તેમના ચુકાદામાં જે લખ્યું છે તે ખૂબ જ મહત્વનું છે. ટ્રસ્ટીઓ પોતાને મનફાવે તેમ ટ્રસ્ટની પ્રોપર્ટીનો દૂરઉપયોગ કરવો જોઇએ નહિ. ટ્રસ્ટીઓ ટ્રસ્ટ ઓથોરીટી અને સમાજને જવાબ આપવા બંધાયેલા છે. ટ્રસ્ટના ટ્રસ્ટીઓ જો સેવા ન કરી શકે તો ટ્રસ્ટીઓને ટ્રસ્ટી પદે રહેવાનો અધિકાર જ નથી અને તેઓ સામાજીક લાગણીઓ સાથે દ્રોહ કરે છે.

આ ચુકાદા પરથી એક વાત તો સ્પષ્ટ થાય છે કે કાયદાની દૃષ્ટીએ તો ટ્રસ્ટીઓ પોતાના દરેક કાર્ય માટે સંપૂર્ણપણે જવાબદાર છે જ, પછી તેઓ પોતે તે માનતા હોય કે નહીં તે જુદી જ વાત છે.

આ રીતે જ હમણા વોટસએપ પર એક વિડીયો જોયેલ જેમાં ઇગ્લેન્ડના એક મિનીસ્ટરની ઉચ્ચ નૈતિકતાના દર્શન થાય છે. આ વિડીયોનો સારાંશ કંઇક આવોજ થાય છે.

One day, The British Minister Lord Michel Bates got late for several minutes to the House of Lords. When he entered the hall, he discovered that the council has discussed a question addressed to him during his absence.

He asked for the permission to talk and said "I feel ashamed, because I was not present to answer the question, so therefore I announce my immediate resignation," and then left the hall - A governmental post is a service for the citizens and not an honour.

આ હકીકત જો ટ્રસ્ટીઓ માટે લાગુ પાડીએ તો ટ્રસ્ટી પદ પણ સમાજના સભ્યોની સેવા માટે છે, નહીં કે પોતાના મોભા માટે.

પરંતુ આ એકવીસમી સદીમાં તો મોટા ભાગના લોકો તો સેવા માટે ઓછા અને મોભા માટે વધુ ટ્રસ્ટીપદ લેતા હોય છે. આવા લોકોની જ્યારે જવાબદેહીની વાત આવે ત્યારે કાં તો ઉડાઉ જવાબ આપી દેશે અથવા તો પ્રશ્ન પુછનારને વિઘ્નસંતોષી જાહેર કરી દેશે અથવા તો બહુમતીનું જોર બતાવીને પ્રશ્નનો છેદ જ ઉડાવી દેશે.

પરંતુ સમાજ માટે આ ખતરનાક ટ્રેન્ડ છે, આમાં સાચો અને સારો રસ્તો કઇ રીતે જડશે !

કારણ કે કોઇપણ જાહેર સંસ્થા જોઇએ તો મોટાભાગની સંસ્થાઓમાં રાજકારણથી ખદબદતું નેગેટીવ વાતાવરણ જ જોવા મળે છે આવા સંજાગોમાં ઉચ્ચ નૈતિકતાવાળા ટ્રસ્ટીઓ આવશે ક્યાંથી !!

તો પછી આ જ ટ્રસ્ટીઓને જવાબદેહ બનાવવા પડશે ! હા, તો કઇ રીતે ? તો સંસ્થાએ – સંસ્થાએ ''સુબ્રમણયમ્ સ્વામી'' જેવા નિષ્પક્ષ/તટસ્થ તથા નિર્ભિક કાર્યકરોએ સામે આવવું પડશે, પરંતુ આ કાર્ય ખૂબ જ અઘરૂં છે. કારણ કે સામે પક્ષે તમારા જ કાકા–મામા કે વેવાઇ જેવા સગા–વ્હાલાઓ હોય અથવા તો જેમની સાથે તમારે ધંધાના સંબંધો હોય,ક્યાંક આની અદાવતથી ધંધામાં નુકશાન થઇ શકે અથવા તો મિત્રતા તૂટવાનો ભય હોય, આ બધા કારણો ઉપરાંત સમય અને આર્થિક શક્તિનો વ્યય પણ કરવો પડશે.

આ સંજોગોમાં ''સુબ્રમણયમ્ સ્વામી'' બનશે કોણ ? કોણ પ્રેરણા આપશે ? ધર્મ–ગુરૂઓ ? That's next to impossible લાગે છે, તો પછી જ્ઞાતિ દાતાઓ જેમના દાન થકી જ આ ટ્રસ્ટીઓને પોતાનો માન મોભો જાહેરમાં દેખાવા મળે છે, તે અગ્રણીઓ આગળ આવશે અને પોતાના પ્રભાવથી આવા ટ્રસ્ટીઓને જવાબદાર બનાવવા મજબુર કરશે ? આ Solution પણ અઘરૂં લાગે છે. કેમકે હમણાં–હમણાંથી તો હવે અગ્રણી દાતાઓ જ ટ્રસ્ટીપદ / હોદા લેતા થઇ ગયા છે.

અંતમાં એટલું જ કહીશ કે જો આપણી જ્ઞાતિ સંસ્થાઓના વહીવટમાં પારદર્શિતા નહીં આવે અને ટ્રસ્ટીઓ જવાબદેહ નહીં બને તો યુવા પેઢીને જ્ઞાતિ સંસ્થાઓમાંથી બિલકુલ જ રસ ઊડી જશે.

**સર્વે વાચકોને**
**કચ્છી નવા વર્ષ અષાઢી બીજના**
**હાર્દિક અભિનંદન.**


**આવઇ અષાઢી બીજ**



## ડીજીટલ આર્કીટિક્ચર ક્ષેત્રે ઉભરતું નામ ભાવીન નાગડા



સુપ્રસિદ્ધ સેલીબ્રીટી મહેંદી આર્ટીસ્ટ વિણાબેન નાગડાના સુપુત્ર **ભાવીન નાગડા**એ ડીઝીટલ આર્કીટિક્ચર એન્ડ રોબોટીક્સમાં કેલીફોર્નિયા કૉલેજ ઓફ આર્ટસ – સાન્ફ્રાંસીકોથી માસ્ટર્સ ડીગ્રી મેળવી છે. ભાવીન નાગડાના નેતૃત્વમાં ડીઝાઇન કરાયેલ **7.Axis** રોબોટ આર્મનું તા. ૧ જુલાઇના S.H.S. ખાતે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી **મા. શ્રી દેવેન્દ્ર ફડનવીસ**ના વરદ હસ્તે ઉદ્‌ઘાટન થયું હતું.



Bhavin Nagda masters in Digital Architecture and robotics from California College of Arts, San Francisco.Digital fabrication and robotics automation has been his core interest. He has set up a fabrication facility in collaboration with sacred heart school, Varap, which is most advanced in all of India. He also teaches the students of Sacred Heart School about most advanced and robust 3d modeling software, Rapid prototyping using V.R, A.R, Laser cutters, 3d printers and 7 axis robot arm. Mr. Albin Anthony chairman of school is always open to accept new ideas and help out it reach to students who can make the best out of this. The facility is most advance setup at High school level all over the world .on 1 July 2018 Honorable C.M of Maharashtra M.R Devendra Fadnavis had come to inaugurated the 7-axis robot arm .Bhavin Nagda masters in Digital Architecture and robotics from California College of Arts, San Francisco.Digital fabrication and robotics automation has been his core interest. He has set up a fabrication facility in collaboration with sacred heart school, Varap, which is most advanced in all of India. He also teaches the students of Sacred Heart School about most advanced and robust 3d modeling software, Rapid prototyping using V.R, A.R, Laser cutters, 3d printers and 7 axis robot arm. Mr. Albin Anthony chairman of school is always open to accept new ideas and help out it reach to students who can make the best out of this. The facility is most advance setup at High school level all over the world .on 1 July 2018 Honorable C.M of Maharashtra M.R Devendra Fadnavis had come to inaugurated the 7-axis robot arm .

## કચ્છ એકમ
### આયોજીત
## સગપણ સંમેલન

કચ્છ એકમ દ્વારા આપણી જ્ઞાતિના પરિચય મિલનનું આયોજન ગાંધીધામ મધ્યે કરવામાં આવેલ છે. જેમાં જોડાવવા સમસ્ત ભારતના ક.દ.ઓ. યુવક/યુવતીઓ (વિધવા વિધુર પણ સામેલ થઇ શકશે)ને આમંત્રિત કરીએ છીએ.

**પરિચય મિલન તા. ૩૦-૦૯-૨૦૧૮ રવિવાર**
**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૬-૦૮-૨૦૧૮**

**માહિતી માટે સંપર્ક :**
**E-mail : kutchekkam@gmail.com**

**મહેશ લાલકા – 9825287555**
**લહેરચંદ ખોના – 9825138103**
**મિતેશ ધરમશી – 9825226557**

।। જય શ્રી અંબેમાતાય નમો નમઃ ।।

## શ્રી સોની ગૌત્રનાં કુળદેવી શ્રી અંબા માતાજીની ત્રીજી (૩) સમુહ પહેડી (વાંકુ – સાંયરા – જખૌ)

કચ્છ – વાંકુ ગામમાં બિરાજમાન કુળદેવી **શ્રી અંબા માતાજીની સમુહ પહેડી** સંવત ૨૦૭૪, આસો સુદ છઠ્ઠ (૬), **રવિવાર તા. ૧૪-૧૦-૨૦૧૮**નાં શુભ દિવસે માટુંગા મુકામે રાખેલ છે.

આ પાવન પ્રસંગે શ્રી અંબા માતાજીનો પ્રસાદ લેવા તથા ભક્તિ કરવા મુંબઈ તેમજ બહારગામમાં વસતાં સોની પરિવારના ભાવિકો તેમજ નિયાણી – દિકરીઓને સહકુટુંબ પધારવા શ્રી અંબામાં સોની પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી ભાવભર્યું આમંત્રણ છે.

**સંપૂર્ણ પહેડીનું અમુલ્ય લાભ લેનાર લાભાર્થી પરિવાર**

**માતુશ્રી સોનબાઇ ત્રિકમજી વીરજી સોની પરિવાર** (વાંકુ-વડાલા)

| | |
|---|---|
| **શુભ સ્થળ :** રામજી અંદરજીવાડી, (રામવાડી), ચંદાવરકર રોડ, માટુંગા (ઈસ્ટ). | **શુભ સમય :** સવારે ૮ કલાકે |

**–: શ્રી અંબામાં સોની પરિવાર કાર્યકર ગણ :–**

વિજય પી. સોની - 9594692692 ધીરેન વી. સોની - 8879155051
કેતન જી. સોની - 9920056799 લહેરચંદ વી. સોની - 9594671420

**નોંધ :** બહારગામથી પધારનાર ભાવિકોને અગાઉથી જાણ કરવા નમ્ર વિનંતી જેથી વ્યવસ્થા કરવામાં સુઘમતા રહે.

**"ભુવા ભાઇ શ્રી મેહુલ ગુલાબચંદ સોનીનાં જય માતાજી"**

## વહીવંચા અને આપણો ઈતિહાસ - ધરમસી ગોત્ર - ૪

**રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ, મો. 9820336767**

ધરમસી ગોત્ર વહીવંચાની વહીનો બીજો ભાગ ભાચા ઓળખથી શરૂ થાય છે. આ ગોત્રનાં મુખ્ય પુરૂષ ધરમસીઆણીનાં એક પુત્ર નરપાર થયા તેનો પુત્ર લખીયાણી અને તેનો પુત્રો ભાચાશા (ભાચાણી) થયા તેના વંશજો 'ભાચેજા' 'ભાચેવારા' કે ભાયા તરીકે ઓળખાયા.

ભાચા પરિવારની વંશાવલી સાંધાણથી શરૂ થાય છે જેથી કોઠારેથી આ પાંખડીનો વસવાટ સાંધાણ થયો હશે. વંશાવલીની શરૂઆત શાખે ધરમસી. ભાચા લખીઆણી, કરમણ ભાચાણી, ગેલો કરમણાણી, દેઅરો ગેલાણી..... થી થાય છે.

સાંધાણવારા દેવણાંધ નરપાર જેઠાણી સાંયરે છે. કાનજી રામૈયા જેઠાણી સાંધાણ છે. દેસર કાંયા તથા ગોવિંદજી કાંયા સાંધાણ છે. હીરજી હેમરાજ જસાપર છે. તેના પુત્ર પુંજા હીરજી જસાપરથી મોટી ખાવડી વસ્યા. લાધા નાથાણીનો પરિવાર જખૌ વસ્યો. ભારમલ તથા ભીમસી લીલાધર વંઢીમાં વસ્યા. જસાપરનાં ભાચા મેગા ગંગાજર તથા કેસવ ગંગાજર પરિવાર હાલારમાં ગોરખડી છે.

ખીંઅસી બોધા અને ત્રિકમજી બોધા ગોરખડી છે. ખીમુ ગેલાણી, પુંજા ગેલાણી તથા નરપાર ગેલાણી જસાપર છે. જસાપરનાં લીલાધર રતનશીનો પરિવાર હાલારમાં વસ્યો. ભીંયસી લીલાધર મોટી ખાવડી તથા વેલજી લીલાધર મોટી ખાવડીથી બેરાજે વસ્યા અને આગળ જતાં વેલજી લીલાધરનો પુત્ર નરશી ભરૂડીયે અને અન્ય પુત્રો કાનજી, ડાયા રંગપુર વસ્યા. ભાચાણી પરિવારની પાંખડીઓ નીચે મુજબ છે.

**૧) સાંયરા :** લક્ષ્મીચંદ-શવજી-પુંજા-દેવણાંધ-નરપાર-જેઠા-લખમસી-દેરાજ-કુંભા-હંસરાજ-ધારાણી-હરસી-ભાચાણી-લખીયાણી-નરપારાણી-ધરમસીઆણી.

**૨) સાંધાણ :** મેહુલ-નવિન-મણીલાલ-કુંવરજી-નરશી-માડણ-રણમલ-કરસન-વીરદાસ-દેરાજ-કુંભા-હંસરાજ-ધારાણી-હરસી-ભાચાણી.

**૩) સાંધાણ :** પુર્વેશ-જીતેન્દ્ર-ધનજી-નરશી-સોજપાર-દામજી-મેરગ-મેધા-કેશવ-હંસરાજ-ધારાણી-હરસી-ભાચાણી.

**૪)સાંધાણ :** નિમેષ-મહેન્દ્ર-કાંતીલાલ-ગોવિંદજી-કાનજી-જેતસી-ખીંયસી-દેસર-ખીંયા-વીરદાસ-દેરાજ-કુંભા-હંસરાજ-ધારાણી-હરસી-ભાચાણી.

**૫) પરજાઉ :** અજય-શાંતિલાલ-રતનશી-નેણસી-પુનસી-ધારસી-માચાણી-રતનશી-સાંગા-ધારસી-આદત-દેવસી-ભાયાણી.

**૬) ભરૂડીયા :** નિલેશ-હિરાચંદ-કાનજી-રતનશી-પુંજા-હીરજી-હેમરાજ-ધનાણી-વીરમ-દેપાર-ભારમલ-દેવસી-ભાચાણી.

**૭) રંગપુર :** પ્રિયમ-પંકજ-કેશવજી-કાનજી-વેલજી-લીલાધર-રતનશી-સાંગા-ધારસી-આદત-દેવસી-ભાચાણી.

**૮) ગોરખડી :** વિમલેશ-દિનેશ-માણેકજી-વીરજી-અરજણ-કેસવ-ગંગાજર-ધનરાજ-વીરા-આસદે-ભારમલ-દેવસી-ભાચાણી.

**૯) મોટી ખાવડી :** ઉમંગ-વિજય-શીવજી-લાલજી-ભીંયસી-લીલાધર-રતનશી (આગળ નં. ૭ મુજબ)

**૧૦) ભરૂડિયા :** વિમલ-જવેરચંદ-હંસરાજ-નરશી-વેલજી-લીલાધર-રતનશી... (આગળ નં. ૭ મુજબ)

વહીવંચાની નોંધ પરથી જણાય છે કે આજથી ૧૦૦-૨૦૦ વરસ પૂર્વે આપણાં સ્થળાંતરો ખૂબ જ ઝડપી હતા. સ્થિર થવામાં પ્રતિકુળતા, ખેતી પ્રમુખ વ્યવસાય હોવાથી ગમે ત્યાં ખેતીની જમીન મળી રહેતી, સરેરાશ ટુંકુ આયુષ્ય, નાની વયની વિધવાનું ઉંચું પ્રમાણ અને મોટે ભાગે આવી વિધવાઓ પોતાનાં પિયરમાં જ પોતાના સંતાનો સાથે સ્થિર થતી અને પાછળથી સંતાનો પોતાનાં મૂળ કુટુંબના ગામને બદલે માતાનાં ગામને પોતાનું વસવાટ સ્થળ બનાવતા. આવા કારણોને લીધે સ્થળાંતરો વધુ થયા છે.

(**નોંધ :** આ સાથે મારી પાસે રહેલી ધરમસી ગોત્રની માહિતી પૂર્ણ થાય છે. શક્ય એટલી વહીમાં રહેલી પાંખડીઓને આપણાં વસ્તી પત્રકોની પાંખડીઓ સાથે જોડવાનો પ્રયાસ કરેલ છે. હજુ થોડી વંશાવલીઓ પુરતી લીંક ન મળવાથી જોડી શકાઇ નથી. વાંચકવર્ગને વિનંતી કે આપની પાસે રહેલી ગોત્ર-વંશાવલી-વંશવૃજા (આંબા) આદિ હોય તો મને મોકલાવી આપશો જે મારા સંશોધનમાં ઉપયોગી નીવડશે. તેમજ જ્ઞાતિ ઈતિહાસમાં ઉમેરી શકાશે. સહકારની આશા.

SALE
12th to 22nd
July 2018
11am to 7pm
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
28, Gani Mansion, Shop No.1, Behind Arora Theatre,
Opp. Sahakari Bhandar, King's Circle, Matunga (E),
Mumbai - 400 019. **Tel.: 2404 3995**
Follow us on :
Sunday open during Sale !

જય શ્રી આશાપુરા મા તથા શ્રી ખેતરપાળ દાદા

## બાંડીયામાં બીરાજમાન શ્રી આશાપુરા મા તથા શ્રી ખેતપાળ દાદાજીને નમતા જખૌ તથા બાંડીયાના મૈશેરી પરિવારના ભાવિકો...

જત જણાવવાનું કારતક સુદ પૂનમ ને **શુક્રવાર ને તા. ૨૩-૧૧-૨૦૧૮**ના રોજ કચ્છ બાંડીયા મુકામે **માતાજી તથા ખેતરપાળ દાદાજીની ગંધી બદલવાની** છે. અને સાથે આ વરસની ૧૩મી સમૂહ પહેડી પણ ત્યાં જ કરવાનું નક્કી કર્યું છે તો સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને કચ્છ બાંડીયા સહકુટુંબ તા. ૨૨-૧૧-૨૦૧૮ના ૪ વાગ્યા સુધી પધારવા વિનંતી ભર્યું આમંત્રણ છે. જેને પણ આવવાનું હોય તેઓએ કમિટીના સભ્યોને જાણ કરવી જેથી વ્યવસ્થા કરવાની ખબર પડે.

મુંબઈથી ટ્રેન દ્વારા તા. ૨૧-૧૧-૨૦૧૮ના રોજ બધા સાથે જવું હોય તો ટ્રેનની ટીકીટ કઢાવવા માટે તા. ૧૫-૭-૨૦૧૮ સુધી આપના નામો લખાવીને ટિકીટના પૈસા પહોંચાડવા વિનંતી જેથી ભુજથી મતાના મડ દર્શન કરી બાંડીયા જવાની વ્યવસ્થા કરી શકાય. બહારગામ રહેવાવાળા ભાવિકો ને ખાસ વિનંતી છે તેવો આગળથી જણાવશો. ભોઇમાં **શ્રીમતી મમતા અમીષ મૈશેરી.**

**સંપર્ક કરો**

| | | |
|---|---|---|
| **શ્રી અશ્વિનભાઇ ધનજી મૈશેરી** | જખૌ - ભાંડુપ | - 8767996655 |
| **શ્રી વિજયભાઈ શાંતિલાલ મૈશેરી** | જખૌ - મલાડ | - 8097479990 |
| **શ્રી અમિષ દેવશી મૈશેરી** | જખૌ - ડોંબિવલી | - 9029529483 |
| **શ્રીમતી નયનાબેન નરેશ મૈશેરી** | જખૌ - ભાંડુપ | - 8108614452 |
| **નવીન રાયશી મૈશેરી** | બાંડીયા - ડોંબિવલી | - 7666567008 |

**સપ્ટેમ્બરમાં એક મિટીંગ બોલાવી શું વોટ્સઅપ થી જણાવશું.**

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ ||

## સાંધવ ગામે વર્ધમાન સક્રસ્તવ (સક્રસ્ત્વ) અંખડ ધારા અભિષેક

સાંધવ ગામે શાંતિનાથ દાદાની છત્ર છાયામાં **પ.પૂ. મુનિરાજ શ્રી મુક્તિરતનસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં **વર્ધમાન સક્રસ્તવ (સક્રસ્ત્વ) અંખડ ધારા અભિષેક તા. ૨૩-૬-૨૦૧૮ રવિવાર**ના રાખવામાં આવેલ. મુંબઇથી ૨૦/૨૫ જણની સંખ્યામાં સાંધવવાસીઓ મુંબઈથી કલ્પેશ મોતા (મહાજન પ્રમુખશ્રી), હિરાચંદ ધ્રોળ, ઉમેશ છેડા, ભરતભાઈ લોડાયા, જીજ્ઞેસ જૈન, કીરણ દંડ, સાંધવના જયેશ લોડાયા, કલ્પેશ લોડાયા, વિપુલ પટેલ, મુકેશ દંડ, પ્રવિણ મોતા, ખુશાલ પટેલ, રાજેશ દંડ, જીતેન દંડ, નવીનભાઈ લોડાયા.

સવારના નૌકારશી, બપોરના સાધર્મિક ભક્તિ તેમજ અભિષેકના લાભાર્થી પરિવાર **શ્રીમતી કલ્પનાબેન ભવાનજી લોડાયા, માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ, માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવારે** લાભ લીધેલ. વિધિવિધાન કેવલ સાવલા, ભુજ અને સંગીતકાર કિશોર સંગ્રાર રમઝટ જમાવેલ. દરેક ભાગ્યશાળીને રૂા. ૧૬૦/-નું સંઘપૂજન થયેલ.

દરેક દાતા પરિવાર તરફથી રૂા. ૧૦/-નું સંઘ પૂજન ૧) રસીલાબેન માણેકજી લોડાયા, મુલુંડ ૨) શામજી ભાણજી દંડ, ભાયંદર ૩) જયશ્રીબેન જવેરચંદ ખોના ૪) ઠાકરશી લાલજી પટેલ, સાંધવ, ૫) વિમલાબાઇ ખીમજી દંડ, વાપી, ૬) દામજી નરશી દંડ, ભાંડુપ, ૭) શામજી નરશી દંડ, મુલુંડ, ૮) અજીત નવીન લોડાયા, અમેરીકા, ૯) કલ્પનાબેન ભવાનજી લોડાયા, મુલુંડ, ૧૦) જમકુબાઇ લાલજી પટેલ, મુલુંડ, ૧૧) મણીબાઇ કુંવરજી મોતા, ડોંબિવલી, ૧૨) સાચી, સાક્ષી ક્રીશ લોડાયા, મુલુંડ, ૧૩) કાંતિલાલ કાનજી લાલકા, બાંઢીયા, ૧૪) હીનાબેન કલ્પેશ મોતા, રાપરગઢવારી, ૧૫) ભાવનાબેન નરેશ ટોલીયા અને કલ્પનાબેન તરૂણ ધરમશી, સુથરી, ૧૬) ગીતા, વૈશાલી, પ્રેક્ષા લોડાયા, સાંધવ.

| | |
|---|---|
| અભિષેક બાદ અષ્ટપ્રકારી પૂજાનો લાભ | : **શ્રી અજીત નવીન માણેકજી લોડાયા,** થાણા |
| શાંતિકળશ અને આરતીનો લાભ | : **શ્રીમતી કલ્પનાબેન ભવાનજી લોડાયા,** મુલુંડ |
| મંગળ દીવો | : **માતુશ્રી વિમલાબેન લખમશી ખોના,** ગોરખડી |

સાંધવ નગરે શ્રી ગૌતમ સ્વામી અને પાર્શ્વ પદ્માવતી માતાજીની પ્રતિષ્ઠા નિમિત્તે શ્રીમતી કલ્પનાબેન ભવાનજી લોડાયા, મુલુંડ અને માતુશ્રી વિમલાબેન ઠાકરશી લાલજી પટેલ, મુલુંડ, માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા, મુલુંડ તરફથી સાંધવગામમાં પ્રતિષ્ઠામાં પધારેલ તેમને ઘરદીઠ બુંદીના લાડુ સાથે સ્ટીલનો ડબો પ્રભાવના કરવામાં આવેલ. **લી. રાજેશ દંડ,** ભાંડુપ

## જૈનોના આક્રમક વિરોધે એક લાખ જીવતાં ઘેટાંબકરાંની નિકાસ રદ કરવી પડી



નાગપુરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઇન્ટરનેશનલ ઍરપોર્ટથી એકસાથે એક લાખ જીવતાં ઘેટાંબકરાંને ૩૦ જૂને એક્સપોર્ટ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને કારણે ભારતભરના જૈન સમાજ અને જીવદયાપ્રેમીઓ ભારે નારાજ થયા એને પગલે આ નિર્ણય રદ કરી દેવામાં આવ્યો છે. આ નિર્ણયને પાછો ખેંચાવીને મૂંગા જીવોને વિદેશ એક્સપોર્ટ થતાં બચાવવા ભારતભરના જૈન સમાજના અગ્રણીઓ વિવિધ સામાજિક સંસ્થાઓ, મુંબઇના બીજેપીના અમુક નેતાઓ અને જીવદયાપ્રેમીઓ આગળ આવીને તમામ પ્રયાસ કરી રહ્યા હતા. નાગપુર ઍરપોર્ટથી ઘેટાંબકરાંને હવાઇ માર્ગે એક્સપોર્ટ કરીને સાઉદી અરેબિયા મોકલવાની યોજનાના શુભારંભ વખતે મહારાષ્ટ્રના ચીફ મિનિસ્ટર દેવેન્દ્ર ફડણવીસ, રોડ ટ્રાન્સપોર્ટ ઍન્ડ હાઇવે મિનિસ્ટર નીતિન ગડકરી, કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રી મિનિસ્ટર સુરેશ પ્રભુ વગેરે હાજર રહેવાના હતા. જોકે જૈન સમાજે મૂંગાં જાનવરો એક્સપોર્ટ ન થાય એ બદલે કરેલા અસંખ્ય પ્રયાસોનું પૉઝિટિવ પરિણામ આવ્યું છે.

આપણી સંસ્કૃતિને નષ્ટ કરવા જેવી આ યોજના છે એમ જણાવતાં જૈન સમાજના અગ્રણી અને રાપર આધ્યાત્મિક પરિવારના પ્રમુખ હિતેશ મોતાએ 'મિડ-ડે'ને કહ્યું હતું કે 'અમુક રાજનૈતિક નેતાઓ જેને કાયદાઓ વિશે જાણકારી નથી તેમણે આ નિર્ણય લીધો હોય એવું લાગે છે. જીવતાં પ્રાણીઓ એક્સપોર્ટ કરવામાં આવનાર હોવાથી એક સામાન્ય વ્યક્તિની ભાવનાત્મક લાગણી દુભાવાની જ હતી. અમે મહારાષ્ટ્રના ફાઇનેન્સ મિનિસ્ટર સુધીર મુનગંટીવાર અને ગવર્નર વિદ્યાસાગર રાવ વગેરેને મળીને નિવેદન પણ આપ્યું હતું. બકરીના ટૉઇલેટથી જમીન ફર્ટિલાઇઝ થાય છે એથી ખેતરમાં બકરીને રાતભર રાખવા માટે પણ પૈસા મળે છે. બકરીનું દૂધ પણ ખૂબ પૌષ્ટિક હોય છે. આમ બકરી પોતાના મરણ સુધી બધાને આપતી જ હોય છે. જેમ સરકારે ખેડૂતોની જમીન પચાવી પાડી છે એમ ખેડૂતોને વાતોમાં લઇને પશુઓ પણ પડાવી લેશે જેનાથી ખેડૂતોનો જ મરો થવાનો છે. પહેલાં તો ભારતની સંસ્કૃતિ હતી કે જેની પાસે પશુ વધુ હોય એ શ્રીમંત વ્યક્તિ ગણાતી, પરંતુ હવે તો પશુધનને જ નષ્ટ કરીને આપણી સંસ્કૃતિને નષ્ટ કરવામા આવી રહી છે.'

ઘેટાંબકરાંની એક્સપોર્ટ કરવાથી ખેડૂતોની આવક વધશે અને તેમને મદદ થશે એવું કારણ આપીને સરકારે એક્સપોર્ટનો નિર્ણય લીધો હતો. આ યોજનાની શરૂઆત કરવામાં આવનાર હતી જેમાં મિનિસ્ટરોથી લઇને નેતાઓ ઉપસ્થિત રહેવાના હતા. જોકે ઇસ્લામિક દેશોમાં ઘેટાંબકરાંને ચરાવવા માટે તો નહોતાં લઇ જવાનાં, પરંતુ આ એક લાખ મૂંગા જીવ ત્યાં જઇને પોતાનો જીવ ગુમાવાનાં હતાં એથી એનો જૈન સમાજ સખત વિરોધ કરી રહ્યો હતો. આ નિર્ણયને રોકવા માટે ભારતના વિવિધ ભાગોમાં ખાસ કરીને ગુજરાત અને મુંબઇમાં જૈન સમાજ, જીવદયાપ્રેમીઓ દ્વારા બેઠક યોજવામાં આવી હતી અને એનો વિરોધ દેખાડવાની સાથે રૅલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ખેડૂતોની આવક વધારવા અનેક માર્ગો છે એમ કહીને પોતાની નારાજગી દાખવતાં વર્ધમાન સંસ્કારધામ અને તપોવન સંસ્કારધામના સભ્ય અને જૈન સમાજના આગેવાન નીલેશ દોશીએ 'મિડ-ડે'ને જણાવ્યું હતું કે 'ખેડૂતોની આત્મહત્યા અને આંદોલન વખતે સરકારે તેમની આવક વિશે આશ્વાસન આપ્યું હતું. જોકે ઘેટાંબકરાંની એક્સપોર્ટ દ્વારા વેપાર કરીને ખેડૂતોની આવક વધારવી એ અત્યંત ખોટું છે. આવક વધારવાના અનેક રસ્તા છે. સરકાર રીતે મૂંગા જીવોની એક્સપોર્ટ કરીને તેમનો જીવ લે એ કેટલું યોગ્ય ગણાય ?

મોદી સરકારમાં હોવા છતાં બીજેપીના અનેક નેતાઓ પણ સરકારના આ નિર્ણયથી લોકોની ભાવનાત્મક લાગણી દુભાઇ રહી હોવાથી પોતાની રીતે પ્રયાસો કરી રહ્યા હતા.

– 'મિડ-ડે'માંથી સાભાર

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ


**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

**લોડાયા પરિવારનું ગૌરવ**



**કુ. કરિશ્મા હર્ષદ લોડાયા** - સુથરી-મલકાપૂર (વિદર્ભ) (MS)

MCA-6 સેમિસ્ટરમાં કોમ્પ્યુટર સાયન્સમાં A+ ગ્રેડ CGPA - 9.000

કૉલેજમાં II નંબર આવેલ છે. ઝળહળતી સફળતા મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન

શુભેચ્છક : હેમરાજ પુંજાભાઇ લોડાયા પરિવાર (મલકાપુર - સુથરી)

મામા-મામી : શ્રી નારાયણજી નરશી મૈશેરી પરિવાર (અમદાવાદ-મોટી સિંધોડી)

નરશી જેઠાભાઈ દંડ પરિવાર (મલકાપૂર-વરાડીયા), મહારાષ્ટ્ર એકમ (મલકાપૂર)

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતી ટ્રસ્ટ , શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચે. ટ્રસ્ટ

શ્રી અનંતનાથજી મહારાજ જૈન જૈન દેરાસર ચે. ટ્રસ્ટ - મુંબઈ

હર્ષદ લોડાયા - 9552596697

## શ્રી મુલુંડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ
## શ્રી સમસ્ત અચલગચ્છ જૈન સમાજ

### મુલુંડ નગરે દાદા વાસુપૂજ્ય દરબારે
### ભવ્યાતિભવ્ય ચાર્તુમાસ પ્રવેશ...

**યાદ રાખજો...**
**અષાઢ સુદ સાતમ, બુધવાર, તા. ૧૮-૭-૧૮ ના**
**પ.પૂ. સાધ્વી આર્યરક્ષિતાશ્રીજી મ.સા.ના**
**પ્રવેશમાં મુલુંડ પધારજો સપરિવાર**

શ્રી વાસુપૂજ્યદાદાની અસીમ કરૂણાથી
ગુરૂ-ગુણ-સિંધુ-સૂરિની અવિરત વરસતી કૃપાથી,
તપચક્ર-ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી
**ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા. ના અખંડ આજ્ઞા આશીર્વાદથી
પ.પૂ.આ.ભ.શ્રી કલા-કવિ-વીર-મહોદયસૂરિના અંતર આશિષોથી
પ્રવર્તિની મહત્તરા, શ્રમણી મુખ્યા પૂ. શ્રી **વસંતપ્રભાશ્રીજી** મ.સા.ના સુશિષ્યા
સરલસ્વભાવિની પૂ. ગુરૂવર્યાશ્રી **આર્યરક્ષિતાશ્રીજી** મ.સા. એવમ્
B.A., M.A., World First in cow, M. Phill., PH.D.
ગૌવિજ્ઞાની, જીવન-સ્પર્શી પ્રવચનકારિકા
પૂ. ગુરૂવર્યાશ્રી **દેવરક્ષિતાશ્રીજી** મ.સા.
વૈયાવચ્ચપ્રેમી પૂ.સા.શ્રી **ચૈતન્યરક્ષિતાશ્રીજી** મ.સા.
અધ્યયનપ્રેમી પૂ.સા.શ્રી. **વ્રતરક્ષિતાશ્રીજી** મ.સા. આદિ ઠાણા ૪ નું
જાજરમાન ચાર્તુમાસ અમને પ્રાપ્ત થયું છે.

**પૂજ્યશ્રીનો ચાર્તુમાસ પ્રવેશ યાત્રા**
રંગે-ચંગે વાજતે-ગાજતે
**અષાઢ સુદ સાતમ, બુધવાર, તા. ૧૮-૭-૨૦૧૮**
સવારે ૭ થી૮ વર્ધમાનનગરના જિનાલયના પ્રાગણમાં નવકારશી કરી,
શાર્પ ૮.૦૦ કલાકે પ્રારંભ થશે
મુલુંડ વેસ્ટ વર્ધમાન નગરથી દાદા વાસુપૂજ્ય દરબારે

**તો સકલશ્રી સંઘો, મહાજનો, ગુરૂભક્તો, સ્વજનો, સ્નેહીજનો,**
**પૂજ્યશ્રીના ગામજનોને પધારવા પ્રેમલ નિમંત્રણ છે.**

### પ્રવચનનો વિષય છે
### 'મહિમા ચાતુર્માસનો સાડાચાર અક્ષરનો '
### *Please Don't Miss it !*

આમંત્રણ છે ઉરના ઉમંગે, પધારજો સૌ સાજન-મહાજન સંગે,
પૂ. ગુરૂવર્યાશ્રીનું પ્રવેશ કરાવશું, શાસનગચ્છ પ્રભાવક રંગે ચંગે

**પૂજ્યોશ્રી ના ચાર્તુમાસના પ્રવેશનો લાભ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડીયા**
**અચલગચ્છ જૈન સંઘના ગુરૂભક્ત પરિવાર**
C/o સી/૪૦૩, વર્ધમાન નગર, ડો. આર.પી.રોડ, મુલુંડ (વે)
**લિ. મંત્રીઓ**

## પૂ. ગુરૂવર્યા શ્રી આર્યરક્ષિતાજી મ.સા.
## આદિ ૪ ઠાણા નું મુલુંડમાં છે ચાર્તુમાસ...
### હાલારવાસિઓ સર્વેને પ્રવેશમાં આમંત્રણ ખાસ...

શ્રી વાસુપૂજ્ય દાદાની શીતળ છાયામાં,
ગુરૂદેવ ગુણસિંધુસૂરિની દિવ્યકૃપાથી
તપચક્ર-ચક્રવર્તી, અચલગચ્છાધિપતી
પૂ.આ.ભ. શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.ના
આજ્ઞા - આશીર્વાદથી
પૂ.આ.ભ. શ્રી **કલા-કવિ-વીર-મહોદયસાગરસૂરિ** ના
મંગલ આશિષથી
પ્રવર્તિની મહત્તરા, અચલગચ્છ શ્રમણી મુખ્યા
પૂ. સા. શ્રી **વસંતપ્રભાશ્રીજી** મ.સા. ના સુશિષ્યા
અમારા સેવક ભરૂડિયા શ્રી સંઘના તથા
અમારા સર્વના અનંત-અનંત ઉપકારિણી
પૂ. ગુરૂવર્યા શ્રી **આર્યરક્ષિતાશ્રીજી** મ.સા. તથા
માત્ર અચલગચ્છાના જ નહિં
પરંતુ સમગ્ર ભારતના ગૌરવ સમા
**B.A.,M.A.& World First in Cow-M- Phill, Ph.D.**
ગૌવિજ્ઞાની પ્રવચનકારિકા
પૂ. ગુરૂવર્યા શ્રી **દેવરક્ષિતાશ્રીજી** મ.સા. તથા
અમારા ગામના રત્ન પૂ. સા. શ્રી **ચૈતન્યરક્ષિતાશ્રીજી** મ.સા.,
પૂ.સા. શ્રી **વ્રતરક્ષિતાશ્રીજી** મ.સા. આદિ ઠાણા ૪ નું
મુલુંડ ઝવેર રોડ મધ્યે ચાર્તુમાસ છે


**પૂજ્યશ્રીનો ચાર્તુમાસ પ્રવેશ યાત્રા**
**અષાઢ સુદ ૭, બુધવાર, તા. ૧૮-૭-૨૦૧૮**
**વર્ધમાન નગરથી સવારના ૭ થી ૮ નવકારશી કરી**
**શાર્પ ૮.૧૫ કલાકે પ્રારંભ થશે.**
**તો આપશ્રી સૌને શાસન - ગચ્છ હાલારની**
**શાન-બાન-આન-વધારવા મુલુંડ**
**પૂ. ગુરૂવર્યાશ્રીના ચાર્તુમાસ પ્રવેશમાં**
**પધારવા આદરભીનું આમંત્રણ છે.**


સાધુ તો ચલતા ભલા પણ ચાલે ન બારે માસ
સ્વપર હિત સાધવા સ્થિર રહે વર્ષાવાસ
મુલુંડ વાસુપૂજ્ય દરબારે થશે અજોડ ચાર્તુમાસ
**તા. ૧૮-૭-૨૦૧૮, બુધવારના પ્રવેશમાં પધારજો ખાસ.**

**નિમંત્રક તથા ચાર્તુમાસ પ્રવેશના સંપૂર્ણ લાભાર્થી**
**શ્રી. ક. દ. ઓસવાળ સેવક ભરૂડિયા**
**અચલગચ્છ જૈન સંઘના ગુરૂભક્તો**
C/o. સી/૪૦૩, વર્ધમાન નગર, ડૉ. આર. પી. રોડ, મુલુંડ (વે)

સાત પેઢીના જ્યારે જાગ્યા હોય ભાગ્ય..
ત્યારે ગુરૂભક્તિના લાભ મળે છે ધન્યાતિધન્ય...

## ધર્મ સંદેશ - ૧૨૪






રચયિતા : **જયકાંત મોતા**
ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨


**ઊભી ચાવીઓ -**

[૧] લછવાડની પહાડી ઉપર આવેલ મહાવીર સ્વામીનું તીર્થ (૫); [૨] સાધુઓનું એક ઉપકરણ (૨); [૩] શ્રેયાંસનાથના ચાર કલ્યાણકોની ભૂમિ (૪); [૫] પાર્શ્વનાથનું એક તીર્થ (૪); [૮] આ નગરીમાં વીર પ્રભુના બાર ચાતુર્માસ થયા (૩); [૧૦] મનુષ્યનો જન્મથી મરણ સુધીનો વસવાટ આ ... માં થાય (૩); [૧૧] પ્રભુ તારું ...... મારે ગાવું છે (૨); [૧૨] મહાવીર સ્વામીની નિર્વાણ ભૂમિ (૪); [૧૫] ૧૦૮ પાર્શ્વનાથમાં ના એક (૨); [૧૭] શત્રુંજયની પંચતિથિનું એક ગામ (૩); [૧૯] રાજસ્થાનમાં આવેલ આદીનાથનું તીર્થ (૩);

**આડી ચાવીઓ -**

[૪] આદેશ્વરના ... પુત્રો હતા (૧); [૬] પ્રભુ સમોવસરણમાં બેઠા હોય તેવી પ્રતિકૃતિ રૂપે ઉપરાઉપરી ત્રણ બાજોટ મુકાય (૩); [૭] રાજસ્થાનના મહાવીર સ્વામીના આ તીર્થમાં સિંહના લાંછનનું મુખ હાથીનું છે (૪); [૯] પહાડ ઉપર આવેલ જગવલ્લભ પાર્શ્વનાથનું તીર્થ (૫); [૧૨] પટના શહેરમાં આવેલ તીર્થ (૫); [૧૩] ... જન્મોના કર્મનો આધાર આપણા વર્તમાન ઉપર હોય છે (૨); [૧૪] મહા.... ૧૦૮ પાર્શ્વનાથના એક (૨); [૧૬] અલ્હાબાદમાં આવેલ આદેશ્વરનું તીર્થ (૫); [૧૮] મુંબઈના આ પરામાં મહાવીર સ્વામીનું જિનાલય આવેલ છે (૨); [૨૦] આ તીર્થમાં વાસુપૂજ્યના પાંચે કલ્યાણકો એક ઠેકાણે છે (૪); [૨૨] ૧૦૮ .... ની આરતી ઘણા પ્રસંગોએ જિનાલયમાં કરવામાં આવે છે (૨); [૨૪] જિયાગંજ પાસે આવેલ પાર્શ્વનાથનું તીર્થ (૫); [૨૬] વડોદરા પાસે આવેલ શાંતિનાથનું તીર્થ (૨); [૨૮] શત્રુંજય ઉપર આવેલ પવિત્ર વૃક્ષ (૩); [૨૯] વીસ તીર્થંકરોની નિર્વાણ ભૂમિ (૭).

**(ઉકેલ અન્યત્ર)**

[૨૦] આ તીર્થમાં ચંદ્રપ્રભુના ચાર કલ્યાણક થયા છે (૪); [૨૧] ભગવાનની નવ અંગે થાય (૨); [૨૩] ગૌતમ સ્વામીનું નિર્વાણ સ્થાન (૪); [૨૪] આ તીર્થમાં અંતિમ કેવલી શ્રી જંબુ સ્વામીના ચરણ પાદુકા છે (૩); [૨૫] સાથિયો કરવા વપરાતું એક સફેદ ધાન્ય (૩); [૨૭] નેમિનાથનું લાંછન (૨).

---

**નવી વર્ષા :** **મોર બની થનગાટ કરે** (અનુસંધાન પાન નં. ૧૮ ઉપર)

મોર બની થનગાટ કરે, મન મોર બની થનગાટ કરે
ઘનઘોર ઝરે ચહુ ઓર મારું મન, મોર બની થનગાટ કરે
બહુરંગ ઉમંગનાં પીંછ પસારીને
બાદલસું નિજ નેનન ધારીને
મેઘમલાર ઉચારીને આકુલ પ્રાણ કોને કલ-સાદ કરે ?
મોર બની થનગાટ કરે
ઘર ઘરર ઘરર મેઘઘટા ગગને ગગને ગરજાટ ભરે
ગુમરી ગુમરી ગરજાટ ભરે
નવે ધાનભરી સારી સીમ ઝૂલે.
નવ દીન કપોતની પાંખ ખૂલે.
મધરા મધરા મલકાઈને મેંડક મેંહસું નેહસું વાત કરે
ગગને ગગને ગુમરાઈને પાગલ મેઘઘટા ગરજાટ ભરે.
મોર બની થનગાટ કરે
ઓલી કોણ કરી લટ મોકળિયું ખડી
આભ-મહોલ અટારી પરે
ઊંચી મેઘ-મહાલ અટારી પરે
અને ચાકમચૂર બે ઉર પરે
પચરંગીન બાદલ-પાલવડે
કરી આડશ કોણ ઉભેલ અરે
ઓલી વીજ કેરે અંજવાસ નવેસર રાસ લેવા અંકલાશ ચડે
ઓલી કોણ પયોધર સંઘરતી વીખરેલ લટે ખડી મે'લ પરે
મોર બની થનગાટ કરે
નદી તીર કેરા કુણાં ઘાસ પરે પનિહાર એ કોણ વિચાર કરે
પટ-કૂળ નવે પાણી-ઘાટ પરે!
એની સૂનમાં મીટ સમાઈ રહી
એની ગાગર નીર તણાઈ રહી
એને ઘર જવા દરકાર નહીં
મુખ માલતીફૂલની કૂંપળ ચાવતી કોણ બીજા કેરું ધ્યાન ધરે!
પનિહાર નવે શણગાર નદી કેરે તીર ગંભીર વિચાર કરે!
મોર બની થનગાટ કરે
ઓલી કોણ હિંડોળ ચગાવત એકલ
ફૂલ બકુલની ડાળ પરે
વીખરેલ અંબોડાના વાળ ઝૂલે
દિયે દેહ-નીંડોળના ડાળ હલે
શિર ઉપર ફૂલ ઝકોળ ઝરે
એની ઘાયલ દેહના છાયલ-છેડલા આભ ઉડી ફરકાટ કરે
ઓલી કોણ ફંગોળ લગાવત એકલ ફૂલ બકુલની ડાળ પરે!
મોર બની થનગાટ કરે

**- રવીન્દ્રનાથ ટાગોર**
*અનુ. ઝવેરચંદ મેઘાણી (ટૂંકાવીને)*

# કિસ કે રોકે રૂકા હૈ સવેરા

**જિંદગીને, સ્વપ્નોને પકડવા જઈએ તો મુઠ્ઠીમાં કશું જ ન આવે, પણ જો હથેળી અને હૃદય ખુલ્લાં મૂકીએ તો ચૂપચાપ અસ્તિત્વમાં અજવાળું થાય. એ ઊજળા મૌનમાં એ પણ સમજાઈ જાય કે જિંદગીએ આપેલા અંધારાને પણ એક અર્થ હોય છે.**



કોઈક શબ્દો એવા હોય છે કે જે અર્થોની અનેક શક્યતાઓ છુપાવીને બેઠા હોય છે અને પછી આપણને એ તમામ શક્યતાઓથી આગળ અર્થાતીતતા અને શબ્દાતીતતાની એક નિગૂઢ દુનિયામાં પણ લઈ જાય છે.

'અંધારું' આવો જ એક શબ્દ છે. અજવાળાંને સીમાઓ હોઈ શકે છે, અંધારાંને નહીં - તેથી અજવાળાંને થોડું સમજી શકાય, પણ અંધારાંનાં પૂરાં રહસ્યો કદી પામી ન શકાય. તે એકસાથે રમણીય અને ભયાવહ, રોમેન્ટિક અને ઉદાસ, આધ્યાત્મિક અને હતાશ હોઈ શકે.

ફિલ્મી ગીતોના સર્જકોને પણ આ શબ્દ ગમી ગયો હોવો જોઈએ. 'અંધેરે મેં જો બૈઠે હૈં નજર ઉન પર પર ભી એક ડાલો અરે ઓ રોશનીવાલોં' માં અંધારું વંચિતતાનું પ્રતીક, તો 'યે હૈ રેશમી ઝુલ્ફો કા અંધેરા'માં રોમાન્સનું રૂપક છે. 'એક અંધેરા લાખ સિતારે'માં તે નિરાશા સૂચવે છે, તો 'યે અંધેરા ઘના છા રહા'માં કુરૂપ મનોવૃત્તિઓ દર્શાવે છે. 'જબ અપની નજર સે હી ગિરને લગો, અંધેરો મેં અપને હી ગિરને લગો, તબ તુમ મેરે પાસ આના પ્રિયે'માં મનની કાળાશની વાત કરવા સાથે અંધારાને તેમણે 'મખમલી' અને 'નરગિસી' જેવા રેશમી શબ્દોથી લડાવ્યું પણ છે.

૧૯૫૮માં એક ફિલ્મ બની હતી 'સોને કી ચીડિયા'. તેનું એક ગીત 'રાતભર કા હૈ મહેમાં અંધેરા, કિસ કે રોકે રૂકા હૈ સવેરા' આજે પણ શોખીનોને ડોલાવી દે તેવું મધુર અને નિરાશ હૃદયને આશાનું કિરણ બતાવી શકે તેવું પ્રેરણાદાયક છે. શબ્દો સાહિર લુધિયાનવીના છે, સંગીત ઓ. પી. નય્યરનું અને કંઠ મહંમદ રફી અને આશા ભોંસલેનો. આ ગીત સાથે 'સીમા' ફિલ્મનું, મહંમદ રફીએ ગાયેલું શૈલેન્દ્ર-હસરતે લખેલું અને શંકર-જયકિશને સ્વરબદ્ધ કરેલું આ જ ભાવનું બીજું એક સુંદર ગીત અચૂક યાદ આવે, 'કહાઁ જા રહા હૈ તૂ એ જાને વાલે અંધેરા હૈ મન કા દિયા તો જલા લે' યોગાનુયોગ આ બન્ને ગીતો બલરાજ સહાની અને નૂતન પર ફિલ્માવાયાં છે અને બન્નેમાં વિક્ષિપ્ત મનોદશાથી ઘેરાયેલી નાયિકાને આ ગીત દ્વારા સાંત્વન અને આશ્રય મળે છે. બન્નેમાં બલરાજ સહાનીની

*સાગ, આંબા ને નાળિયેરીની ઝૂલની ઉપર ઝૂલતી પર સપના મહીં ઠાલવી જતી હેમ!*
*કાળને બાંધી, સૂરજને સંતાડતી ભીતર, નેણ બિલોરીએ સપનાં આંજી પૂછતી મનેઃ 'કેમ!'*

પરંપરાગત નાયકથી જુદી સશક્ત ભૂમિકા છે.

'સોને કી ચીડિયા' ની વાર્તા ઈસ્મત ચુગતાઈએ લખી હતી. ઈસ્મત ચુગતાઈ એટલે ગાલિબ એવૉર્ડ અને 'ગર્મ હવા'ની વાર્તા લખવા બદલ ફિલ્મફેર બેસ્ટ સ્ટોરી એવૉર્ડ પ્રાપ્ત કરેલા જાણીતાં ઉર્દૂ લેખિકા. તેમના ભાઈ મિર્ઝા અઝીમ બેગ ચુગતાઈ પણ જાણીતા, 'પાથ બ્રેકર' ગણાતા ઉર્દૂ સર્જક હતા, તેમની ઈસ્મત પર મોટી અસર હતી. ઈસ્મત બી.એ., બી.ટી. થનારાં પ્રથમ મુસ્લિમ મહિલા હતાં. સ્ત્રીઓની શારીરિક ઈચ્છાઓ અને સૌંદર્યબોધને ઉર્દૂમાં લાવનાર આ લેખિકાની કલમ બળવાખોર અને આગઝરતી હતી. તેમની 'લિહાફ' વાર્તાએ વિવાદનો એવો વંટોળ ચગાવ્યો હતો કે તે માટે તેમને કોર્ટમાં જવું પડેલું અને દક્ષિણ એશિયામાં તેના પર પ્રતિબંધ લગાવાયો. 'લિહાફ' અને 'અંગારે' આ બન્નેમાં તમેણે લેસ્બીયન સંબંધો વિશે લખ્યું હતું.

'સોને કી ચીડિયા' એક એવી અભિનેત્રી (નૂતન)ની વાર્તા છે, જેનું જીવન ઉપેક્ષા, તિરસ્કાર અને સ્વાર્થનો શિકાર છે. તેનો પ્રેમી પણ શોષણની આ લીલામાં સામેલ છે. જિંદગીથી ત્રાસીને તે પહાડની ઊંચી ભેખડ પરથી પડતું મૂકવાની તૈયારીમાં છે ત્યાં તેને કાને એક ગીત પડે છે 'રાત ભર કા હૈ મહેમાં ....' ગીતના શબ્દોથી ખેંચાઈ તે તેના ગાનારના ઘર સુધી પહોંચે છે. જેનાં કાવ્યો તેને ખૂબ ગમતાં તે તેનો પ્રિય કવિ શ્રીકાંત (બલરાજ સહાની) આ ગીત ગાઈ રહ્યો છે. આશાના સૂર્યોદયની એંધાણી સાથે ફિલ્મનો અંત આવે છે.

ફિલ્મનું બીજું ગીત 'પ્યાર પર બસ તો નહીં હૈ મેરા લેકિન ફિર ભી તૂ બતા દે કે તુઝે પ્યાર કરું યા ન કરું' પણ આજેય સદાબહાર છે.

નૂતન અને બલરાજ સહાની આ બન્ને જન્મજાત ઊંચા ગજાના કલાકારો હતા. તેમના શબ્દો જે કહે તે કરતા તેમનું મૌન અને તેમની આંખો વધુ કહી શકતાં. નૂતન વિદેશમાં ભણેલી હતી અને બલરાજ સહાની અંગ્રેજી સાહિત્ય સાથે એમ.એ. થયા હતા. 'સોને કી ચીડિયા'માં એક સંવેદનશીલ હમદર્દ પુરુષપાત્ર તરીકેની નાની ભૂમિકા તેમણે અત્યંત શાલીનતાથી અદા કરી છે.

કોઈએ કહ્યું છે કે અત્યંત હતાશ થઈ ભાંગી પડવાની અણી પર આવી જવાય ત્યારે ફક્ત એક વધુ પળ માટે અટકી જવાથી કોઈ નવી શક્યતા, કોઈ નવું સ્વપ્ન, કોઈ નવો વળાંક ખૂલી જાય છે. અંધકાર પછી ઉજાસ આવે જ છે તેને આવતાં કોઈ રોકી શકતું નથી.

જિંદગીમાં સ્વપ્ન, આશા, પ્રતીક્ષા, પ્રેમ આ બધું જ છે પણ તેમને પકડવા જઈએ તો મૂઠી ખાલી રહી જાય છે. જો હથેળી ખોલી નાખીએ, હૃદય ખુલ્લું મૂકીએ તો ચૂપચાપ આ બધું અસ્તિત્વમાં પ્રવેશી તેને અજવાળી દે છે અને પછી એ ઉજળા મૌનમાં એ પણ સમજાઈ જાય છે કે જિંદગીએ આપેલાં અંધારાને પણ એક અર્થ હોય છે.

***

*ઋતુઋતુને ખીલતાં ફૂલના ફાગની ઉપર, ઊડતાં પંખી બેસતાં આવી ડાળ હજીય સાદ કરે છે!*
*ગામની નદી ઘૂઘરિયાળાં ઝરણાં ઝીણાં, સપના મહીં ડોલતાં લીલાં ઝાડ હજીયે યાદ કરે છે!*
*- યશવંત ત્રિવેદી*

# મૃત્યુ પાર

– પ્રવીણ દામજી ડાગા



ભગવાન પોતાના શિષ્યો સાથે વિહાર કરી રહ્યા હતા. સાંજ થવા આવી, સુરજ આથમવાની તૈયારીમાં હતો. જે ગામ જવાનું હતુ તે હજૂ દૂર હતુ. થોડીવારમાં જ સાંજ મટી રાત થાશે અને અંધારૂ છવાઈ જશે જેથી જે ગામ જવુ હતુ ત્યાં અજવાળામાં પહોંચી શકાય તેમ ન હતુ. રસ્તો જંગલમાંથી પસાર થતો હતો જેથી પ્રભુએ નિર્ણય લીધો; વિહાર અહિંયા જ કરવો, રાતવાસો અત્રેજ કરવો. નજીકમાં જ નદી વહેતી હતી, સારી વનરાજી હતી અને નજીકમાં નાનુ ગામ હતુ ત્યાં સવારના ગોચરી મળી શકે તેમ હતુ. તો આગળનો પ્રવાસ અત્રેજ થોભી જઈને બીજે દિવસે કરવાનો પોતાનો નિર્ણય શિષ્યોને આપ્યો.

શિષ્યો પણ થાકી ગયા હતા. અંધારામાં પ્રવાસ પણ જોખમી હતો, જેથી થોડી વિશ્રાંતિ લઈને બીજે દિવસે જવાનું નક્કી થયું.

શિષ્યોએ એક વિશાળ વૃક્ષ નીચે ભગવાન માટે પથારી ગોઠવી આપી. ભગવાન પોતાના આસન પર બેઠા અને શિષ્યો પણ પ્રભુની આસપાસ ગોઠવાઈ ગયા. હજી સાંજ હતી. શીતલ પવન વહેતો હતો. પક્ષીઓ પોતાના માળામા જવા કલબલ કરતા હતા, પક્ષીઓના કલબલ સિવાય શાંત શીતલ વાતાવરણ બધાને બહુ ગમ્યું.

ભગવાનને અચાનક થોડુ હસવુ આવ્યું. કોઈ ઘટના આસપાસ ઘડી ન હતી, કોઈ વાર્તાલાપ પણ થયો ન હતો, છતા પ્રભુ હસ્યા, તો કારણ વગર તો પ્રભુ હાસ્ય કરે નહીં ? તો શિષ્યોના મનમાં ઉત્કંઠા જાગી, એવી તો કઈ ઘટના ઘડી જેના કારણે પ્રભુને હસવુ આવ્યું ! એક શિષ્યે જરા સાહસ કરીને પ્રભુને સવાલ પૂછ્યો. ‘પ્રભુ મારા મનમાં શંકા આવી છે. આપને હસવુ આવ્યું, આસપાસ કોઈ એવી ઘટના જરૂર ઘડી હશે. તો કૃપા કરીને આપના હાસ્યનુ રહસ્ય સમજાવવાની કૃપા કરશો ?’

ભગવાને આછુ સ્મિત કર્યું અને કહ્યું, ‘સાંભળો, આપણે રોકાણ કર્યું છે એનાથી ૫૦૦ પગલા દૂર આજ નદીને કિનારે એક યુવાન વણિક પોતાના રસાલા, ઘોડા, બળદ, ઉંટ અને એની સાથે જર-ઝવેરાત, દાગીના, મુલ્યવાન વસ્ત્રો સાથે રાતવાસો કરવા ગોઠવાઈ રહ્યો છે. યુવાન છે દેખાવડો અને અતિ શ્રીમંત પણ છે. જે માલ એણે બાજુના ગામથી બહુજ સસ્તા દરે ખરીદ કર્યો છે તે બીજા ગામે ૧૦ ગણા ભાવે એનો સામાન વેચાશે. એનાથી એને ઘણો જ લાભ થવાનો છે અને એ વિચારોમાં સપના સેવી રહ્યો છે કે આવતી કાલે જે લાભ નફો થાશે એનાથી હું અલગ અલગ મોસમમાં - વર્ષા, ગ્રીષ્મ અને હીમ ઋતુમાં અલગ અલગ આલિશાન આરસ પહાણના મહેલ બનાવીશ અને મને ઘણા પરિવારો તરફથી એમની સુંદર કન્યાઓના વિવાહ માટે માંગણીઓ આવશે, એમાંથી જે અતિ સુંદર કન્યા હશે તેની જોડે હું વિવાહ કરીશ. એ સપના જોઈ અતિ આનંદમાં છે, પણ

*સરજન કેવું કર્યું!.... અહીંથી અનંત સુધી કણકણમાં... લીલાવિશ્વ ભર્યું....*
*બ્રહ્માંડોના બ્રહ્માંડોમાં રેલાવ્યું અજવાળું, અજવાળાની આરપાર પ્રસર્યું અંકાશ રૂપાળું,*
*પાર ન પામ્યું કોઈ આ બધું કેમ પાર ઉતર્યું! સરજન કેવું કર્યું!....*

મે મારી અંતરપ્રજ્ઞાથી એનું ભવિષ્ય જોયું તો જણાયું કે એ યુવકનું જીવન આજથી ફક્ત પંદર દિવસનું જ છે. પંદર દિવસ બાદ એનું મૃત્યુ નિશ્ચિત છે, એ જાણી મને હસવું આવ્યુ.

ભગવાનની આ ભવિષ્યવાણી સાંભળી શિષ્યો પણ ચિંતિત થયા. એ શિષ્યોમાંથી એક શિષ્યે હિંમત બતાવીને ભગવાનને પૂછ્યું, 'હે પ્રભુ શું અમે આ સમાચાર પેલા વણિક યુવકને આપીએ ? આપની અનુમતિ હોય તો આપીએ.' પ્રભુએ સ્મિત સાથે અનુમતિ આપી.

એમાંથી ચાર શિષ્યો પેલા વણિકને સમાચાર આપવા આગળ વધ્યા. વણિકને સાધુઓ પોતાની તરફ આવતા દેખાયા. વણિકને લાગ્યું કે સાધુ તો ગોચરી વહોરાવવા આવતા હશે. અને પોતાની પાસે એમને આપવા યોગ્ય ગોચરી નથી અને જે છે તે જર-ઝવેરાત, દાગીના, મુલ્યવાન વસ્ત્રોનો તો સાધુ સ્વીકાર કરે નહીં. વણિક વિચારતો હતો કે શું કરવું એટલીવારમાં સાધુઓ એની નજીક પહોંચી ગયા. વણિકે આદરપૂર્વક પ્રણામ કર્યા અને બેસવા આસન આપ્યા અને વિનંતી કરી કે મને ક્ષમા કરો, આપને આપવા યોગ્ય ગોચરી મારી પાસે નથી અને જે છે તેનો આપ સ્વિકાર કરશો નહી. મને માફ કરજો.

સાધુઓએ આસન ગ્રહણ કર્યું અને કહ્યું અમો ભિક્ષા લેવા નથી આવ્યા પણ તને સમાચાર આપવા આવ્યા છીએ. ભગવાને તારા વિષયે જે ભવિષ્યવાણી જાણી છે તે તને કહેવા આવ્યા છીએ.

વણિક મુંઝાણો, થોડી નવાઈ લાગી અને બહુ ઉત્સુકતા પણ લાગી કે ભગવાને શું ભવિષ્યવાણી ભાંખી છે ? સાધુઓએ કીધુ કે તારૂ જીવન હવે ફક્ત પંદર દિવસનું જ છે. પંદર દિવસ બાદ તારૂ મૃત્યુ નિશ્ચિત છે. થોડી ક્ષણો પહેલા સારા સપનામાં રત યુવાન સમાચાર સાંભળી ગભરાઈ ગયો. બધા સપના ભુલી ગયો. શીતલ પવન વહેતો હતો છતા શરીરે પરસેવો આવ્યો. નિરાશ હતાશ થઈ મૃત્યુના સમાચાર સાંભળી રોવા લાગ્યો. ઉભો હતો તે બેસી ગયો, જાણે આભ ફાટી પડ્યું.

સાધુએએ એને હિંમત આપી. રોવાથી, નિરાશ થવાથી જે થવાનું છે એમાં કંઈ ફરક પડવાનો નથી. ચાલ અમારી સાથે કદાચ ભગવાન કંઈક રસ્તો બતાડશે. મરતા ક્યા ન કરતા ? મનમાં એમ કે ભગવાન કંઈ ચમત્કાર કરી આશીર્વાદ આપશે, એમની પાસે દિવ્ય શક્તિ છે, મને દીર્ઘાયુ આપશે, એ આશાથી એ ભગવાન પાસે ગયો. પ્રણામ કર્યા, આજીજી કરી, પ્રભુ મને બચાવો. આપ સર્વ શક્તિમાન છો. આપના આશીર્વાદથી હું મૃત્યુથી બચી જઈશ.

ભગવાન પાસે આવીજ વ્યક્તિઓ આવતી. ભગવાને એને શાંતિથી કરૂણાથી મૈત્રીથી બેસાડ્યો. થોડો શાંત થવા દીધો.

ભગવાને કીધું પંદર દિવસ નાનો સમય નથી. પંદર દિવસમાં ઘણુ બધું થઈ શકે છે. પંદર દિવસમાં આનાથી સારૂ જીવન પ્રાપ્ત થાય. જો મનોબળ હોય, દૃઢ સંકલ્પ હોય તો મૃત્યુપારના જીવનનો અનુભવ શરીરના અંત પારનો નિર્વાણનો અનુભવ કરી શકાય. તારામાં ક્ષમતા છે. વણિકે ભગવાનને વંદન કર્યા અને ધ્યાનની વિધિ શીખી અને કામે લાગી ગયો. પંદરમાં દિવસે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને જીવન મરણના ભવચક્રમાંથી સદા માટે મુક્ત થયો. નિર્વાણ પ્રાપ્ત કરી - નિર્વાણના પરમ સુખનો અનુભવ કર્યો.

નિર્વાણમ્ પરમ સુખમ્.

* * *

*એક એક આ પિંડે મૂકી એ જ બ્રહ્મની છાયા, મનમાં મૂક્યૂં એ જ અકળ વિસ્મય ને એની માયા,*
*પાર ન પામ્યું કોઈ આ બધું કેમ પાર ઉતર્યું! સરજન કેવું કર્યું!....*
*અહીંથી અનંત સુધી કણકણમાં... લીલાવિશ્વ ભર્યું! - માધવ રામાનુજ*

**સમાચાર** — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી સુમતિનાથ જિનાલય - મસૂર

અહીંના શ્રી સુમતિનાથ જિનાલય ને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં મસૂરનંદન પૂ. આચાર્યદેવ શ્રી મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા.ના શુભાશિષ સાથે પૂ. આચાર્યદેવ શ્રી ભવ્યદર્શનસૂરીશ્વરજી મ.સા. આદી સાધુ સાધ્વીજી મ.સા.ના પાવન નિશ્રામાં કુલ ૧૦૦ દિવસ સુધી અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવેલ. જેમાં એપ્રીલ ૨૦૧૮માં શ્રી મહાવીર સ્વામીની પુનઃપ્રતિષ્ઠાનો લાભ લક્ષ્મીબેન વિસનજી શામજી ભાટે પરિવાર તથા રાયચંદ ભોજરાજ ભાટે પરિવાર લીધેલ. ૮-૬-૨૦૧૮ થી ૧૫-૬-૨૦૧૮ સુધી શતાબ્દિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ.

ધ્વજાની પૂર્વ સંધ્યાએ સંપૂર્ણ જિનાલયને પુષ્પોથી શણગારવામાં આવેલ. આ શતાબ્દિ મહોત્સવમાં મહારાષ્ટ્રના માજી મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણ તથા આમદાર બાળાસાહેબ પાટીલ, આમદાર આનંદરાવ પાટીલએ સુમતિનાથ દાદાના દર્શન કરીને આચાર્ય શ્રી ભવ્યદર્શનસૂરીશ્વરજીના આશિર્વાદ લીધેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, દલતુંગી

દલતુંગી નગરે પર્યુષણ મહાપર્વ ૬-૯-૨૦૧૮ થી ૧૩-૯-૨૦૧૮ના ઉજવાશે વાંચન માટે આર્યરક્ષિત વિદ્યાપીઠમાંથી બે બહેનો પધારશે.

પર્યુષણ દરમ્યાન ભક્તામર (લક્કી ડ્રો), વ્યાખ્યાન, સવાર-સાંજ આરતી, મંગલ દિવો, પ્રતિક્રમણ, રાત્રે ભાવના વગેરે ભણાવીશું.

### કચ્છ કોઠારા ચામુંડા માતાજીની મંદીરની ધ્વજા

કચ્છ કોઠારામાં ચામુંડા મા ને નમતા મૈશેરી નુંખના ભાવિકોને જણાવવાનું કે માતાજીની મંદીરની ધ્વજા સંવત ૨૨-૧૧-૨૦૧૮ સવારના ૭.30ના શુભ મુહુર્તે થશે.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીજી મ.સા.ની પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના કરેલ. તેમજ પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટના સમાજસેવાના કાર્યોમાં હંમેશા સફળતા પ્રાપ્ત કરેલ છે. બુધવારના ચાલીસગામ જમણ અને શનિવારના પાચોરા જમણ.

કાયમી તીથી : ૧) જય હિતેશભાઈ મોતા તથા ૨) તારાબાઇ માણેકજી મોતા હ. નીસાબેન હિતેશભાઇ મોતા વાલકેશ્વર, ૩) મહેન્દ્ર રાયચંદભાઈ નાગડા તથા ૪) રતનબાઇ કાનજી ધુલ્લા, હ. ખમ્માબેન, વડોદરા, ૫) સામજી ખીમજી મૈશેરી હ. અર્ચના વિશાલ મૈશેરી. દર શનિવારનો નકરો : ૧) તેજ કૃણાલ અનિલ મોતા હ. અનિલભાઇ મોતા, અંધેરી, ૨) ચંદ્રકાંત મેગજીભાઇ લોડાયા હ. ચંદ્રકાંતભાઇ, પાચોરા, ૩) પ્રશાંત પ્રદીપ સંઘવી, પાચોરા, ૪) ચેતન શેઠ, અંધેરી

### કચ્છી હાઉસ એ તથા બી - હુબલી

અહીંના રહેવાસીઓ દ્વારા ઉદય સુર્યકાંત મૈશેરી તથા તેમના ધર્મપત્નિ સૌ. મીતાબેન અને દિકરો ચિ. સન્મીત કાયમી વસવાટ માટે અમેરીકા જતા હોવાથી એમનો વિદાય સમારંભ મહાજનશ્રીના હોલમાં ગોઠવવામાં આવેલ.

એમની સેવાભાવનાને બિરદાવતા કચ્છી હાઉસના રહેવાસીઓ વતી ભાઇશ્રી હીરાચંદ ડુંગરશી દંડના હસ્તે મોમેન્ટો તથા ભેટ આપી નવાજવામાં આવ્યા હતા.

### સાંયરા ખાતે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા

૧૩-૬-૨૦૧૮ના દામજીભાઇ નરશી ધ્રોળની નવમી પુણ્યતીથી નિમિત્તે સવારના ૧૦ વાગે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ. જેમાં કોઠારા પાઠશાળાની બહેનો મંડળની બહેનો તથા તોરલબેન, કસ્તુરીબાઇ, રતીલાલભાઈ ધ્રોળ, પ્રેમચંદ મોમાયા, કલ્પેશ મોમાયા, મહેન્દ્રભાઇ લોડાયા, સારી રમઝટ બજાવેલ. પૂજામાં પેંડાની પ્રભાવના થયેલ. કૂતરાને રોટલા, લાપસી, પક્ષીઓને ચણ, ગાયોને ચારો ધરમ નાખવામાં આવેલ. માતુશ્રી

### લગ્ન સંબંધી

ક.દ.ઓ. જૈન યુવક મુંબઇ ઉ. વર્ષ ૩૨ સ્વતંત્ર વ્યવસાય ધરાવનાર **આપસી સમજુતીથી છૂટાછેડા** યુવક માટે યુવતીના વડીલો સંપર્ક કરે.

**સંપર્ક : 7028045231**


**સોનલ આર્ટ**

**પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.**

**શાંતીભાઈ - 9967841792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા.

વાલભાઈ દામજી ધ્રોળ તરફથી સ્વામીવાત્સલ્ય જમણ થયેલ.

**શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ**

શ્રી સંઘના ટ્રસ્ટ બોર્ડની તાજેતરમાં થયેલ ચૂંટણીમાં આપણી જ્ઞાતિના શ્રી અશોક સોમચંદ દંડ અને શ્રીમતી સુશીલાબેન ચંદુલાલ ધરમશી અને શ્રી ક.વિ.ઓ. જ્ઞાતિમાંથી શ્રી ધીરજલાલ ભૂલાભાઈ ગાલા અને શ્રી કિરણ વેરશી ગડા આગામી ત્રણ વર્ષ માટે બિનહરીફ ચૂંટાયા છે.

શ્રી અશોકભાઈ સતત ૨૭ વર્ષથી (સળંગ ૧૦મી વખત) અને શ્રીમતી સુશીલાબે સતત ૮ વર્ષથી (સળંગ ૪થી વખત) ટ્રસ્ટી તરીકે સંઘમાં સેવા આપી રહ્યા છે. તેમના નેજા હેઠળ શ્રી વડાલા સંઘે ખૂબજ પ્રગતી કરી છે અને જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. શ્રી વડાલા સંઘે શ્રીમતી સુશીલાબેનની અમુલ્ય સેવાને ધ્યાનમાં લઈ તેમને ''ભાભીશા''ની ગૌરવપૂર્ણ પદવી પ્રદાન કરેલ છે.

**શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ**

આગામી ચાર્તુમાસમાં શ્રી સંઘમાં ચાર્તુમાસિક આરાધના કરાવવા પૂ. અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની પૂ. સા. શ્રી ચારૂદર્શનાશ્રીજી મ.સા. આદી ઠાણા ૨ પધારશે. પૂજ્યશ્રીનો ચાર્તુમાસ મંગળ પ્રવેશ ૧૭-૭-૨૦૧૮ના ૯ વાગે મધુકર ઉપાશ્રયથી થશે.

**કેલીફોર્નિયામાં કો. જૈનાનું ત્રિ-દિવસીય નવમું સંમેલન**

અમેરીકામાં જૈનોની સંસ્થા કો. જૈનાનું ૯મું સંમેલન ૧૩ થી ૧૫ જુલાઈના યોજવામાં આવ્યું છે. ત્રણ દિવસના આ સંમેલન દરમિયાન સામાજિક, સાંસ્કૃતિક અને મનોરંજનના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. સૌ પ્રથમ વખત કચ્છી નવા વર્ષની પણ અમેરીકા ખાતે આ સંમેલનમાં ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

સાનફ્રાન્સીકોના કચ્છ વેલી ગ્રુપ ''**કચ્છ જો ધબકાર વેલીજો રણકાર**'' નામથી નવમાં જૈન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. મોજ-મજા અને મેળાવડા સાથે લોકલસાઈટ સીન તથા ટેકનોલોજીને માણવા વિશ્વભરની કંપનીઓની મુલાકાતની પળોને પણ કાર્યકરોએ આ કાર્યક્રમની સાથે વણી લીધેલ છે. સવારના વિવિધ કસરતો અને માસ્ટર શેફ દ્વારા રસોઈ શોનું આયોજન કરાયું છે.

કેલીફોર્નિયા ખાતે યોજાનારા સંમેલનમાં કચ્છની પરંપરા પ્રમાણે સામૈયું, ગરબા-રાસ હરીફાઈ, કચ્છની કલા-સંસ્કૃતિ મુજબના કાર્યક્રમો આવરી લેવાયા છે. આ સંમેલનમાં કચ્છી ભોજનનો આસ્વાદ માણી શકાશે. સંમેલનમાં ભાગ લેવા કેનેડા અને ભારતથી અનેક જૈનો અમેરીકા પહોંચી રહ્યા છે. દર બે વર્ષે કો. જૈનાનું સંમેલન ઉજવવાની પ્રણાલીકા કચ્છી પરિવારોએ અમેરીકામાં જાળવી રાખી છે. કચ્છની કલા, સંસ્કૃતિ, એચીવમેન્ટ, સાંસ્કૃતિક કાર્યક્રમો અમેરીકા તેમજ કેનેડાના કચ્છી પરિવારો સાથે મળી ઉજવે છે. સાંસ્કૃતિક, સામાજિક અને મનોરંજનના વિવિધ કાર્યક્રમોના આયોજનમાં કેનેડા અને ભારતમાંથી મોટી સંખ્યામાં કચ્છીમાડુઓ ભાગ લેશે. ઉલ્લેખનીય છે કે, કો. જૈનાની ૧૯૯૬માં અમેરીકામાં સ્થાપના કરાઈ છે. એનો મુખ્ય ઉદેશ સંસ્કૃતિનું જતન, એક-બીજાને મદદરૂપ થવું, શિક્ષણની સહાય અને ધાર્મિક પ્રસંગોને ઉજવવાનો છે. અમેરીકામાં વસતા અંદાજે ૨૦૦૦ થી વધુ પરિવારો આ સંસ્થા સાથે જોડાયેલા છે. દર વર્ષે ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે અમેરીકા આવે છે. ત્યારે તેમની બધી જ વ્યવસ્થા કચ્છી પરિવારો સંભાળી રહ્યા છે. યુવાનોની ટીમ સંમેલન મોટ તડામાર તૈયારીઓ કરી રહી છે.

**જૈન ધર્મ ફિલોસોફી અભ્યાસ - મુંબઈ યુનિવર્સીટી**

● પાર્ટ ટાઈમ સર્ટીફીકેટ કોર્સ ● અઠવાડીયામાં એક દિવસ ફક્ત ચાર કલાક ● સરળ ભાષામાં જૈન ધર્મ ફિલોસોફીની સમજ ● કોર્સ ૧૮ જુન ૨૦૧૮ થી માર્ચ ૨૦૧૯

(અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કે મરાઠીમાં ઉત્તર પત્રિકા) કોર્સ કરવા માટેની યોગ્યતા : જુનું એસ.એસ.સી. (11th Matriculation) અથવા એચ.એસ.સી. પાસ

**સંપર્ક : મરીન લાઈન્સ** - ભરત વિરાની - 9869037999, રૂપલ શાહ - 9967061303, **બોરીવલી :** જયશ્રી દોશી - 9323761513, પારૂલ શાહ - 8898965677, **ઘાટકોપર (ઈસ્ટ) :** રીતેશ ભાયાણી - 9867209804, પ્રીતિ દોશી - 9833137356, **સાંતાક્રુઝ (ઈસ્ટ) :** મહેન્દ્ર ધોલકીયા - 9820856535, મુકુંદ મણીયાર - 9820233138


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ, પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**

**સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.**

સોમવાર બંધ


**ધર્મ સંદેશ - ૧૨૪ નો ઉકેલ**

આડી ચાવીઓ -
(૪) સો (૬) ત્રિગડો (૭) હથુન્ડી (૯) કુંભોજગિરિ
(૧૨) પાટલીપુત્ર (૧૩) ગત (૧૪) દેવા (૧૬) પુરિમતાલ
(૧૮) વાશિ (૨૦) ચંપાપુરી (૨૨) દિવા (૨૪) મહિમાપુર
(૨૬) છાણી (૨૮) રાયણ (૨૯) સમેતશિખરજી

ઊભી ચાવીઓ -
(૧) ક્ષત્રિયકુંડ (૨) દાંડો (૩) સિંહપુરી (૫) અહિચ્છત્ર
(૮) વૈશાલી (૧૦) જગત (૧૧) ગિત (૧૨) પાવાપુરી (૧૫) ચંપા
(૧૭) મહુવા (૧૯) શિરોહી (૨૦) ચંદ્રપુરી (૨૧) પુજા
(૨૩) ગુણીયાજી (૨૪) મથુરા (૨૫) અક્ષત (૨૭) શંખ

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **રાજેશ શામજી ધુલ્લા** (PS 7352) | ૨૦૬, શ્યામ કૉમ્પ્લેક્સ, બીજે માળે, જૈન મંદિર પાસે, વરાસીયા રીંગ રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૬. મો. : ૦૮૫૩૦૨ ૧૨૭૪૭ |
| **કમલેશ આણંદજી દંડ** (PS 6685) | ૩૬, પારસ - જય ગાયત્રી નગર સોસાયટી, અમિત નગર સોસાયટી પાસે, કરેલી બાગ, વડોદરા - ૩૯૦ ૦૨૨. મો. : ૦૯૭૩૦૮ ૦૦૭૪૭ |
| **ઉદય શાંતિલાલ લોડાયા** (PS 5609) | ૭, કેનેરા બેંક સાઉથ એન્ડ એપાર્ટમેન્ટસ, સાઉથ એન્ડ રોડ, બસવનગુડી, સુરાણા કોલેજની સામે, બેંગલોર - ૫૬૦ ૦૦૪. મો.: ૦૯૮૪૫૮ ૮૭૬૫૭ |

## જીવનચક્ર

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૩-૧૮ | ઘાટકોપર | જીયાંશ, રંજુ દીપેશ પ્રફુલ મોતા | સાંધવ | પુત્ર |
| ૦૬-૦૬-૧૮ | અમદાવાદ | શારવ, મયુરી અંકિત જીતેન્દ્ર દેવજી ખોના | આરીખાણા | પુત્ર |
| ૧૮-૦૬-૧૮ | માંડવી | માયરા, વિરલ જીગર મૈશેરી | ગાંધીધામ | પુત્રી |
| ૧૯-૦૬-૧૮ | મુલુંડ | મીવાન, હિરલ હિતાંષુ ચંદ્રેશ ધુલ્લા | સુથરી | પુત્ર |
| ૨૨-૦૬-૧૮ | હુબલી | પરમ, સુનિલ તિલક રતનશી લોડાયા | જખૌ | પુત્ર |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૭-૧૮ | ઘાટકોપર | વિશાલ પ્રફુલ ટોકરશી મોતા | સાંધવ | ૩૧ |
| | કોઈમ્બતુર | કૃતીકા અશોક મેઘજી મોમાયા (પટેલ) | સાંયરા | ૨૯ |
| ૦૫-૦૭-૧૮ | હૈદરાબાદ | મિલન પ્રફુલ મેઘજી મોતા | લાલા | ૩૪ |
| | પુણે | પ્રિતી વીરચંદ પાશ્વીર છેડા | નલિયા | ૩૧ |

**લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૭-૧૮ | દાવણગીરી | મયુર કીરીટ લોડાયા | નલિયા | - |
| | મુલુંડ | મનીષા સુરેશ દંડ | સેવક ભરૂડીયા | - |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૭-૧૮ | હૈદરાબાદ | ગિરીશ રતનશી દંડ | સાંધવ | ૫૭ |
| ૦૨-૦૭-૧૮ | ડોમ્બીવલી | ચંદ્રકલા ભરત મૈશેરી | જખૌ | ૬૭ |
| ૦૬-૦૭-૧૮ | ઈન્દોર | હરીશ માણેકજી ધરમશી | કોઠારા | ૭૦ |

## મોર બની થનગાટ કરે (પાન નં. ૧૫ થી ચાલુ)

મેઘાણીએ બંગાળી ગીત 'નવવર્ષા' ટાગોરના સ્વમુખે સાંભળ્યું હતું. આ ગીતનો તેમણે ચારણી ઢાળમાં અનુવાદ કર્યો છે. પહેલા વરસાદની અસર કેવી થાય છે ? મન મોરની જેમ નાચી ઊઠે છે. ના, ના મન મોર બનીને નાચી ઊઠે છે. મનની ચંચળતા દર્શાવવા ત્રણ પંક્તિમાં ત્રણ વાર 'થનગાટ કરે' એમ કહેવાયું છે. 'કરે-ઝરે' 'મોર-ઘોર-ઓર' ના પ્રાસ મેળવાયા છે. વૃષ્ટિનો સૃષ્ટિ સાથે અને આત્માનો પરમાત્મા સાથે પણ પ્રાસ મળી ચૂક્યો છે. મનને મોર કહ્યા પછી, કવિ ઉપમાને આકાર આપે છે – મન ઉમંગનાં પીંછ પસારે છે, વાદળને તાકી રહે છે અને મેઘમલ્હાર ગાય છે. પ્રાણ કોને સાદ દે છે, એમ પૂછીને કવિ રહસ્ય ઘૂંટે છે.

પછીની કડીમાં કુદરતનું ઓડિયો-વિઝ્યુઅલ કલ્પન છે. દોઢ પંક્તિમાં ૧૧ 'ર'કાર અને ('ગ' 'ઘ'ને એક ગણીએ તો) ૧૩ 'ઘ' કાર મુકાયા છે. ગગનમાં દોડતી વાદળીઓનો હડુડાટ આપણને સંભળાય છે. આવા સ્વાનુકારી શબ્દો અને પ્રાસાનુપ્રાસ ચારણી કાવ્યોની વિશેષતા છે. નદી ભાન ભૂલે છે, સીમ મોલ લઈ ઝૂલે છે, દેડકા વાદળ અને વહાલથી વાત કરે છે, ઘટા ગરજે છે, સર્વત્ર ચૈતન્યનો સંચાર છે. આ ગતિચિત્રને ઊપસાવવા કવિએ પડખે પારેવું ચીતર્યું છે, જે માત્ર બેસી રહ્યું છે.

આભની અટારીએ મોકળી લટ લહેરાવતી યુવતી દેખાય છે – વાદળીઓ કેશ સમી ફરફરે છે. 'પય' શબ્દના બે અર્થ : પાણી અને દૂધ. 'પયોધર' એટલે વાદળ અથવા સ્તન. જળ સંઘરીને ઊભેલી વાદળી સ્તન ઢાંકતી યુવતી સમી લાગે છે. આવી કલ્પના નવ્ય વર્ષાથી ઉત્તેજિત થયેલા કવિનો પ્રણયભાવ દર્શાવે છે. ઉરોજ પચરંગી વાદળીના પાલવ વડે ઢંકાયેલા છે. (મેઘધનુષ્યને લક્ષ્યમાં લેતાં સતરંગી પણ કહેવાય.) 'ચાકમચૂર' શબ્દ વડે ફાટફાટ જોબનિયું કાનવગું થાય છે. વીજળીને અજવાળે રાસડો રમવા રમણી જાણે અંકાશે ચડે છે.

ઉપરની કડીમાં આપણે યુવતીનું વાયુમાં દોરેલું (વાયવ્ય) ચિત્ર જોયું, હવે તે ધરતી પર ઊતરી આવે છે. પનિહારી નદી તીરે પાણી સીંચવા આવી છે. કૂણું ઘાસ પનિહારીની કોમળતા સૂચવે છે. નવાં પટકૂળ (રેશમી વસ્ત્ર) પહેર્યાં છે, એટલે નવવધૂ હશે. જળ સીંચવા આવી છે, પણ જળમાં ધ્યાન નથી – એની ગાગર તણાઈ રહી છે એટલુંયે ભાન નથી. એ માલતીફૂલની કૂંપળ ચાવે છે, એમ કહી કવિ આપણી ઘ્રાણેન્દ્રિય, સ્વાદેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયને સામટી ઉશ્કેરે છે. (નવવધૂ પરદેશ ગયેલા નાવલિયાનું ધ્યાન ધરતી હશે ?)

'નવી વર્ષાથી લોકો ઉલ્લાસમાં આવી ગયા છે' એવું લખવાથી ઉલ્લાસનો ભાવ ન પ્રકટે માટે કવિ બકુલના વૃક્ષની ડાળ પર ઝૂલતી કન્યાનું વર્ણન કરે છે. એકલી એકલી હિંડોળો ચકવતી કન્યાનો આનંદ સ્વાવલંબી છે. કમનીય કાયાથી ઝૂલાને ઠેસ દેતી કન્યાના કેશ વિખેરાયા છે, એમાં ફૂલડાં પરોવાયાં છે, એના છાયલ (સાલ્લા)ના છેડલા ફરફરે છે. ટાગોર કવિ હોવા ઉપરાંત ચિત્રકાર હતા, તેની સાબિતી આ કડીમાં મળે છે.

મેઘાણીએ અનુવાદ નથી કર્યો, અનુસર્જન કર્યું છે – તેમણે ટાગોરની બંગાલણ કવિતાને બોલવે-ચાલવે કાઠિયાવાડી બનાવી દીધી છે. આ 'નવી' વર્ષાનું, લાંબા તલસાટ પછી સાંપડેલા પ્રેમનું ગીત છે.

૧૯૪૪માં ('રવીન્દ્રવીણા' પુસ્તકમાં) પ્રકટ થયેલું આ ગીત આજેય લીલુંછમ્મ લાગે છે. *(જન્મભૂમિ પ્રવાસીમાંથી સાભાર)*

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ || || શ્રી મોટી ખાવડી તીર્થ || || શ્રી ચંદ્રપ્રભસ્વામીય નમઃ ||

# જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-મોટી ખાવડી

મુ.પો. મોટીખાવડી, જીઃ જામ નગર, સૌરાષ્ટ્ર -ગુજરાત - ૩૬૧૧૪૦.
રજી નં. અ-૩૬૩

## -: ગત કાર્યક્રમ નો ટુંક મા અહેવાલ :-

સહર્ષ, સાથે જણાવવાનું કે જેઠ સુદ ૧૦ ના રોજ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જીનાલય ની ૧૪૦ મી વર્ષગાઠ નિમિતે ધ્વજા રોહણનો દ્વિતિય મહોત્સવ અંદાજે ૨૨૫ જેટલા ગામવાસીઓ અને મહેમાનો ની હાજરીમાં હર્ષઉલ્હાસ સાથે સંપન્ન થયેલ. જેઠ સુદ ૯ ના દિવસે શ્રી પાર્શ્વપદ્માવતી પુજન વિધીકાર શ્રી જયદિપભાઈ અને સંગીતકાર શ્રી નિલેષભાઈ પાલીતાણાવાળા દ્વારા કરવામાં આવેલ જેમા શ્રી જૈન મહાજનવાડી ના ભુમિપુજનનો ચડાવો લેવામા આવેલ જેનો લાભ માતૃશ્રી બાયાંબાઈ ગોવિંદજી લોડાયા પરિવાર હ. અનિતા જિવરાજ લોડાયા અને માતૃશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા સહપરિવારે સંયુક્ત લિધેલ, શ્રી ટ્રસ્ટ બોર્ડ બન્ને પરિવારોની ભુરી-ભુરી અનુમોદના કરે છે. જેઠ સુદ ૧૦ ના રોજ સવારે ૭.૩૦ વાગે શ્રી લાભાર્થી પરિવારના વરદ હસ્તે ભુમિપુજન કરવામાં આવેલ અને પુજનીય ભુમિ ને શ્રી સંઘ ના ટ્રસ્ટીઓ ને શ્રી મહાજનવાડી બનાવવા માટે સોપરત કરવામા આવેલ. ત્યારબાદ સતર ભેદી પુજા અને ધ્વજા ના લાભાર્થી પરિવાર માતૃશ્રી ગોમાબેન હેમરાજ લોડાયા હ. જયશ્રી ઉત્તમ લોડાયા દ્વારા ધ્વજા રોહણ કરવામા આવેલ. આ બન્ને દિવસે પં. પુ. પરમયશ વિજયજી મ. સા. અને પ. પુ. પરમરૂચિ મ.સા. નિ નિશ્રા રહેલ. જેઠ સુદ ૯ ના દિવસે બપોર નુ જમણ અને ચૌવિહાર શ્રી સંઘ તરફથી અને જેઠ સુદ ૧૦ ના નવકારશી, બપોર નુ જમણ માતૃશ્રી લક્ષ્મીબેન જયંતીલાલ હંસરાજ ખોના (પટેલ) પરિવાર તરફથી રાખમા આવેલ.

## -: આગામી કાર્યક્રમ :-

આપણા ગામના મુળનાયક એવા શ્રી ચંદ્રપ્રભ સ્વામિ જીનાલયની ૧૧૨ મી વર્ષગાઠ શ્રાવણ સુદ ૬ ને તા. ૧૬.૦૮.૨૦૧૮ ના રોજ દ્વિતિય મહોત્સવ નુ આયોજન કરવામા આવેલ છે. શ્રાવણ સુદ ૫ તા. ૧૫.૦૮.૨૦૧૮ ના રોજ સર્વે પ્રતિમાજીઓ અને દેવ-દેવિઓ ના ૧૮ અભિષેક સવારે ૮.૦૦ વાગ્યાથી રાખવામા આવેલ છે. બપોરના ૨.૦૦ વાગ્યાથી શ્રી મહાજનવાડીની ખનન વિધી નો કાર્યક્રમ રાખવામા આવેલ છે. રાત્રે સંગીત ના સથવારે પ્રભુજી ની ભક્તિ કરવામા આવશે. શ્રાવણ સુદ ૬ ના રોજ સવારે ૮.૦૦ વાગ્યે શ્રી મહાજનવાડી નો શિલાન્યાસ કરવામાં આવસે, ૯.૩૦ થી સતર ભેદી પુજા અને ધ્વજા રોહણ.

શ્રી ચંદ્રપ્રભ સ્વામિ જીનાલયની ૧૧૨ મી ધ્વજા નો લાભ માતૃશ્રી લક્ષ્મીબેન જયંતીલાલ હંસરાજ ખોના (પટેલ) પરિવારે લિધેલ છે. અને ૧૮ અભિષેક શા. માલશી દેવરાજ લોડાયા પરિવાર હ. મહેન્દ્રભાઈ દ્વારા છેલ્લા ૭ વર્ષથી કરવામા આવે છે. શ્રી ટ્રસ્ટ બોર્ડ બન્ને પરિવારોની ભુરી-ભુરી અનુમોદના કરે છે. આ પ્રસંગે વિધીકાર તરીકે કચ્છના પ્રખ્યાત શ્રી. કેવલ શાહ પધારશે સાથે સંગીતની રમજટ શ્રી મનોજ લોડાયા અને સાથી કલાકારો દ્વારા પિરસવામા આવશે.

**સ્વામિવાતસલ્ય** : તા. ૧૫.૦૮.૨૦૧૮ ના નવકારશી, બપોરનું જમણ અને ચૌવિહારની વ્યવસ્થા શ્રી સંઘ તરફથી કરવામા આવશે અને તા.૧૬.૦૮.૨૦૧૮ ના સવારે નવકારશી અને બપોરના જમણ નો લાભ માતૃશ્રી લક્ષ્મીબેન જયંતીલાલ હંસરાજ ખોના (પટેલ) પરિવારે લિધેલ છે.

### ખાસ સુચના :

૧. શ્રી જૈન મહાજનવાડી ની ખનન વિધી અને શિલાન્યાસ નો એકજ ચડાવો રાખવામા આવેલ છે. આ ચડાવો ૧૮ અભિષેક દરમિયાન બોલવામા આવશે અને અભિષેક ના અંતે આદેશ દેવાનો હોવાથી સર્વેએ સમય પધારવા નમ્ર નિવેદન.
૨. આપણી મહાજનવાડી નિરવિઘ્ને પુર્ણ થાય તે માટે સકય હોય તો સર્વેએ શ્રાવણસુદ ૬ ના રોજ આયંબિલ કરવા.
૩. સંવત ૨૦૭૪-૨૦૭૫ ભાદરવાથી ભાદરવા મહિના સુધિના અષ્ટપ્રકારી પુજાના નકરા નિચે મુજબ છે. જે તા. ૩૧.૦૮.૨૦૧૮ ના વ્હેલા તે પહેલા ના ધોરણે નામ સ્વીકારવામા આવશે જેનો લાભ લેશોજી.

પક્ષાલ પૂજા -માસિક નકરો ૧૫૦૦/-, અંગ લુછણા / પાટ લુછણા-માસિક નકરો ૫૦૦/-,
કેશર ચંદન પૂજા-માસિક નકરો ૩૧૦૦/-, ધૂપ પૂજા-માસિક નકરો ૧૧૦૦/-, દિપક પૂજા-માસિક નકરો ૨૧૦૦/-

ઉપરોક્ત પ્રસંગે મોટીખાવડી ગામવાસિઓ, આપસર્વે બહોળી સંખ્યામાં હાજરી આપશો, આપણી શ્રી જૈન મહાજનવાડી ના પ્રસંગનો લ્હાવો આગામી ૧૦૦ વર્ષ સુધી નહી જોવા મળે માટે જરૂર થી પધારશો.

**લી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી.**
**પ્રમુખ અને ટ્રસ્ટીગણ**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (09-07-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## લગ્ન સંબંધી



| | |
|---|---|
| નામ | : **એડ. શ્રદ્ધા અનીષ મોમાયા** (BBA, LLB, LLM) |
| માતા-પિતા | : રાજુલ અનીષ મોમાયા |
| કચ્છ | : સાંયરા |
| હાલે | : હુબલી (કર્ણાટક) |
| જન્મતારીખ | : ૬ ફેબ્રુઆરી ૧૯૯૨ (સાંજે ૮ વાગે) 6-2-1992 |
| જન્મ સ્થળ | : હુબલી |
| હાઈટ | : 5.2" / બ્લડ ગ્રુપ : B + ve |
| વ્યવસાય | : Practicing as Advocate & Legal Advisior |
| દાદાણા | : શા. વાલજી હીરજી હેમરાજ મોમાયા પરિવાર |
| નાનાણા | : શા. લખમશી ધનજી દંડ (આણંદ) પરિવાર, કચ્છ - તેરા |
| નાનો ભાઈ | : યશ અનીષ મોમાયા |

**અનીષ વાલજી મોમાયા**

E-7, સુવીધા નેસલ, સુવિધા કોલોની, કેશ્વાપુર, હુબલી (કર્ણાટક) • ફોન : 9448141396

**GHRITAM**™
*The Pure Ghee...*
100% Natural Taste
*Get Ghritam Jiyo Uttam*

शुध्दता
सेहत
सुगंध
स्वाद



## Shiv Food Product

### डिस्ट्रीब्युटर नियुक्त करना है

घृतम् शुध्द गाय का देशी घी और श्रीवर्धन घी के लिए महाराष्ट्र, गुजरात और कच्छ में सुपर स्टॉकिस्ट, डिस्ट्रीब्युटर्स नियुक्त करना है, इच्छुक व्यापारी हमें नीचे दिए गए नंबर या इमेल पर संपर्क करें.

## शिव फुड प्रॉडक्ट

### सेल्स / मार्केटींग स्टाफ

सेल्स/मार्केटींग की नोकरी/जॉब के लिए अपना पूर्ण बायोडाटा/रेज्युम ईमेल भेजिए.

Email : shivfoodsproducts@yahoo.com Mobile : 9333369369 / 9594445034

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,